# साहिब !
# तमे मारा छो





# देव-गुरुस्तुति

* दर्भावतीमण्डलमण्डनं यो, नि:शेषभूमीतलभूषणं य:।
  स्वरूपसंपत्तिनिकेतनं य:, तं लोढणं पार्श्वजिनं स्तुवेऽहम्।।
* पुण्यप्रभाढ्यं गुणगौरवाढ्यं, श्रीधर्मसूरिं प्रवरं नमामि।
  तेजश्छविं ज्ञानरविं नवीनं, सूर्योदयं सूरिवरं नमामि।।

* जेनी वचनलब्धि थकी, जिनमंदिरो शतश: थया,
  अद्‌भुत शासनकार्य जेना, पुण्य उपदेशे थया;
  बनी संघमां सूरज समा, जे युगदिवाकर पद वर्या,
  ते **धर्मसूरीश्वर** चरणमां, भावथी करुं वन्दना...
* श्री धर्मसूरीश्वरतणी, धर्मध्वजा लहेरावता,
  शासनतणा बहुकार्यथी, जिनधर्म जय फेलावता;
  बहु शिष्यकेरी संपदाथी, जेह नित्य विराजता,
  सूरीश **सूर्योदय** चरणमां, भावथी करुं वन्दना...

श्री लोढण-नागेश्वर-जीरावलापार्श्वनाथेभ्यो नमः
सूर्योदयं सूरिवरं नमामि * श्री धर्मसूरिं प्रवरं नमामि

# साहिब !
# तमे मारा छो

दिव्यकृपा

पूज्यपाद युगदिवाकर आ.भ. श्री विजय **धर्मसूरीश्वरजी** म.सा.
पूज्यपाद दर्भावतीतीर्थोद्धारक आ.भ. श्री विजय **सूर्योदयसूरीश्वरजी** म.सा.

: संकलन :
आचार्य विजय राजरत्नसूरि

**प्रकाशक तथा प्राप्तिस्थान**

**श्री धर्मकृपा ट्रस्ट**
**श्री परिमलभाई सी. शाह**
बी–३, आदिनाथ डुप्लेक्ष नं. १,
त्रिलोककुंज सोसायटी सामे,
जैन मंदिर पासे, मांजलपुर,
वडोदरा – ३९० ०११.
मो.: ९४२८३ ३२७१९

**प्रकाशन तिथि**

वैशाख वदि–७, ता. २२–५–२२, रविवार
पूज्यपाद शासनप्रभावक आ.भ.श्री विजय **राजरत्नसूरीश्वरजी म.सा.**
आदि ५९ श्रमण–श्रमणी भगवंतोना
५०० आयंबिलतपनी पूर्णाहुतिनो पुनीत दिन

**प्रत**

२०००

**मूल्य**

परमात्म भक्ति

**मुद्रक :**

**जयंत प्रिन्टरी एल.एल.पी.**
३५२/५४, मुरलीधर मंदिर कम्पाउन्ड,
ठाकुरद्वार पोस्ट ऑफिसनी बाजुमां,
गिरगाम रोड, मुंबई–४०० ००२.
फोन: ४३६६ ७१७१



### दर्भावतीतीर्थाधिनायक अर्धपद्मासनस्थ महाप्रभावक

# श्री लोढण पार्श्वनाथ भगवान

अंजनसमा वर्णे रस्या पद्मासनार्धे राजता,
जे सप्तफणथी शोभता ने सप्तभय ओगाळता;
दर्भावतीमंडन बनी भक्तोतणी भीड भांजता,
ते पार्श्वप्रभु **लोढण**तणा पदकमलमां प्रेमे नमुं...



श्री धर्मधामतीर्थाधिपति
प्रशमरसनिमग्न
**श्री नागेश्वर पार्श्वनाथ भगवान**



श्री धर्म–सूर्योदयधामतीर्थाधिपति
कायोत्सर्गमुद्रालीन
**श्री जीरावला पार्श्वनाथ भगवान**

अति घोर उपसर्गो करीने पीडनारा कमठने, अति उच्च भावोने धरीने पूजनारा धरणने;
जे तुल्य भावे पेखता ने निजस्वरूपे राजता, ते पार्श्वप्रभु परमेश्वरा अम आत्मलक्ष्मी आपता...



समर्थ संघनायक महान शासनज्योतिर्धर युगदिवाकर

## पूज्यपाद आ.भ. श्री विजय धर्मसूरीश्वरजी म.सा.

मैत्रीतणां झरणां वहे, जेनां उरे जीवो प्रति,
गुणवंत प्रति आनंद ने, करुणा दु:खी जीवो प्रति;
समभाव जेनां अंतरे, विलसे सदा दुर्जन प्रति,
ते **धर्मसूरीश्वर** चरणमां, भावथी करुं वंदना...



प्रौढप्रभावशाळी व्याकरण - साहित्य - न्यायतीर्थ

## पूज्यपाद आ.भ. श्री विजय सूर्योदयसूरीश्वरजी म. सा.

गुणो अनंता गुरुतणां, नित तरवरे नयनो समक्ष,
गुणथी भर्यो गुणथी मढ्यो, गुरुवरतणो आ जीवनकक्ष;
अंत:करण गुरुनां गुणोनुं, करतुं अहोनिश संस्मरण,
सूरीश **सूर्योदय** चरणमां, हुं करुं भावे नमन...

श्री लोढण-नागेश्वर-जीरावलापार्श्वनाथेभ्यो नम:

श्री धर्मसूरिं प्रवरं नमामि ✻ सूर्योदयं सूरिवरं नमामि

# पीवत भर भर प्रभुगुण प्याला...

## प्राक्कथन

कोई विद्वान विचार के मार्मिक विधान कर्युं छे के ''वासनानो मात्र पहेलो ज घूंट मीठो होय छे, सफलतानो फक्त छेल्लो ज घूंट मीठो होय छे; ज्यारे भक्तिनो तो दरेक घूंट मीठो होय छे!'' अमारे जो आ विधानमां कांइ उमेरो करवानुं आवे तो एम जणावीए के ''भक्तिनो ए घूंट मधुर पण छे अने मुक्तिदायक छे, ए प्रेय पण छे अने श्रेय पण छे।'' ए माधुर्यसभर छे-प्रेय छे माटे पूज्यपाद महोपाध्याय श्री यशोविजयजी गणिवरे सुमतिनाथस्तवनामां लख्युं के ''पीवत भर भर प्रभुगुणप्याला...'' अने ए मुक्तिदायक छे माटे ए ज पू. महोपाध्यायजीए आदिनाथस्तवनामां लख्युं के ''मुक्तिने सहज तुज भक्तिरागो...'' भावार्थ के हे नाथ! जेम लोहचुंबक लोहने आकर्षे तेम तारा प्रत्येनो भक्तिराग मुक्तिने आकर्षे छे!

एक एवी कल्पना मनमां स्फुरे छे के भक्ति जो एक रस छे, तो स्तवनो-भक्तिगीतो-स्तुतिओ ए रसनुं आधारपात्र छे। पात्र होय तो रसनुं पान मस्तीथी करी शकाय, तेम स्तवनो-भक्तिगीतोनो आधार होय तो भक्तिमां मस्तीथी झुमी शकाय, भावतरबोळ बनी शकाय। उगती उषानो के समी सांजनो समय होय, जिनालयनुं पवित्र स्थान होय, नयनो समक्ष प्रशमरस झरती प्रभुप्रतिमा होय अने अंतरना तार रणझणावी दे एवा स्तवनोनी-भकितगीतोनी शब्दावलि होय: आ आह्लादक अने अन्त:स्पर्शी माहोलमां थतुं भक्तिरसनुं पान जे अपार्थिव आनंदानुभूति करावे ते खरेखर अनिर्वचनीय छे, शब्दोनी सीमाथी पर छे: आ अमारो स्वानुभव छे।

अमारा परमगुरुदेव पूज्यपाद महान शासनज्योतिर्धर युगदिवाकर **आ.भ.श्री विजय धर्मसूरीश्वरजी म.सा.** तथा गुरुदेव पूज्यपाद प्रौढप्रभावशाली दर्भावतीतीर्थोद्धारक **आ.भ.श्री विजय सूर्योदयसूरीश्वरजी म.सा.** नी संस्करणधारानां कारणे, अमारा २१ श्रमणोना वृंदमां प्रभुभक्तिनी धारा खूब आह्लादकस्वरूपे प्रवाहित छे। वि.सं. २०५१ थी बारे य मास नित्य जिनालयमां श्रमणवृंदनी सामूहिक सन्ध्याभक्तिनो जे सिलसिलो आरंभायो छे ते आजे २७ वर्षोथी अखंडपणे जारी छे। ए समये सर्जाती तन्मयता-हृदयनी उच्चतम भावोर्मिओ, प्रभु प्रत्ये समर्पणशीलता अने अलौकिक आनंदाभूति, उपर जणाव्युं तेम शब्दातीत-वचनातीत बनी रही छे। उपधानतप हो, चातुर्मास हो के शेषकाल हो: आ भक्तिसन्ध्याथी एमां गवाता भक्तिगीतोथी-स्तुतिओथी अनेकानेक भाविको भावित-प्रभावित थता रह्या छे अने एना पुस्तकोनी मांग करता रह्या छे। अरे! सुश्रावक श्री वीरेन्द्रभाइऐ तो कायमी विनंति करी छे के "जेटली वार आना पुस्तको प्रकाशित करो तेटली वार एनो संपूर्ण आर्थिक लाभ मने आपशो।"

भाविकोनी मांग अनुसार, पूर्वे स्तुतिना बे अने भक्तिगीतोना बे पुस्तको प्रकाशित थया हता। छेल्ली आवृत्तिनी तमाम प्रत पूर्ण थइ जतां संवर्धित संकलनरूपे आ पांचमुं पुस्तक प्रकाशित थइ रह्युं छे। एना प्रकाशन समये ए ज मंगल मन:कामना छे के एना आधारे भाविक भक्तजनोसहित अमे सहु पण भक्तिमय बनीए-प्रभुमय बनीए अने परमानन्दमय बनीए।

५९ संयमीओनो ५०० आयंबिल तपसमापन महोत्सव
वैशाख वदि-६, ता.२३-५-२०२२. बोरीवली-मुंबई
**- विजय राजरत्नसूरि**

# अनुक्रमणिका


| अनुक्रमणिका | भक्तिगीत | पृष्ठ |
|---|---|---|
| * | भाववाही स्तुतिओ | 1-8 |
| १ | हुं छुं तमारो, तमे छो मारा... | 9 |
| २ | मारा शमणामां नेमप्रभु... | 10 |
| ३ | हे दीनबंधु ! हे दीनानाथ ! ... | 10 |
| ४ | माथे तुं बेठो छे दादा ! ... | 11 |
| ५ | मारा जीवनमां नाथ ! आप आवो... | 11 |
| ६ | मीठो साद दइने ते तो मारा... | 12 |
| ७ | आगमन तारुं आगमन... | 12 |
| ८ | युगोथी हुं पुकारुं छुं... | 13 |
| ९ | ऊंचा ऊंचा देरामांहे ... | 13 |
| १० | कृपानो धोध वरसावो... | 14 |
| ११ | व्हाला आदिनाथ ! में तो पकड्यो... | 14 |
| १२ | मारा स्मरणोमां तुं सदाय रमजे... | 15 |
| १३ | निरख्यो छे तने प्रभु !... | 15 |
| १४ | प्रभु ! तारा नयनोथी अमृत झरे छे ... | 16 |
| १५ | तारी आणा अलौकिक छे... | 16 |
| १६ | हे प्रभु ! हे प्रभु ! खूब ... | 17 |
| १७ | दादा ! हवे तारो मने... | 17 |
| १८ | जय जय श्री शंखेश्वरनी बोलो... | 18 |
| १९ | मुझने पार उतारो प्रभुजी! ... | 18 |
| २० | प्रभु! तुं कल्पतरुथी वधु छे... | 19 |
| २१ | पार्श्व ! मारा हैयामां... | 20 |
| २२ | पार्श्व प्रभु ! पार्श्व प्रभु! ... | 20 |
| २३ | तमारी भक्ति हो भवोभव... | 21 |
| २४ | मारी आंखोमां शंखेश्वर! ... | 21 |
| २५ | आतमना ओवारे... | 22 |
| २६ | हृदयने अशांतिमां... | 22 |
| २७ | तमे तो अमारा... | 23 |
| २८ | जीवन लडाइ जीती जनारा... | 23 |

| अनुक्रमणिका | भक्तिगीत | पृष्ठ |
|---|---|---|
| २९ | प्रभु! अे विनंति हवे तो स्वीकारो ... | 24 |
| ३० | अब सोंप दीया इस जीवन को... | 25 |
| ३१ | देवाधिदेवतणां दिलथी दर्शन करीअे... | 25 |
| ३२ | मारुं आयखुं खूटे जे घडीअे... | 26 |
| ३३ | तारी पासे अेवुं शुं?... | 26 |
| ३४ | भवोभव मळजो तमारुं शरण... | 27 |
| ३५ | आशरा इस जहाँ का... | 27 |
| ३६ | कृपा करो, कृपा करो, कृपा करो रे .... | 28 |
| ३७ | हे किरतार ! मने आधार तारो ... | 28 |
| ३८ | स्वामी ! तारा स्नेहनो ... | 29 |
| ३९ | एक घडी प्रभु उर एकांते... | 29 |
| ४० | ओ ! करुणाना करनारा... | 30 |
| ४१ | हैयानी... नैयामां... | 30 |
| ४२ | तारे द्वारे आवीने कोई ... | 31 |
| ४३ | तारी भक्तिनी केवी असर... | 31 |
| ४४ | तारी ज्योतिने में जोइ ज्यारे ज्यारे ... | 32 |
| ४५ | हुं छुं अनाथ मारो... | 33 |
| ४६ | गमे ते स्वरूपे... | 33 |
| ४७ | हर दम तमारा हुं गुण गाउं... | 34 |
| ४८ | बंधन बंधन झंखे मारुं मन... | 34 |
| ४९ | आ भवना सागरमां... | 35 |
| ५० | अेवुं लागे छे आजे मने... | 35 |
| ५१ | मारा व्हाला प्रभु ! ... | 36 |
| ५२ | लगनी लागी छे... | 36 |
| ५३ | लागी रे लागी रे लागी रे ... | 37 |
| ५४ | ओ पालनहारे... | 37 |
| ५५ | प्यारा आदिनाथ ! ... | 38 |
| ५६ | रोमे रोमे हुं तारो थतो जाउं छुं... | 38 |
| ५७ | दुर्गुणने कोई कही आवो... | 39 |
| ५८ | आनंद अनुकूळतामां... | 40 |
| ५९ | तारी दयानो नहि पार... | 40 |
| ६० | आभ तूटे ने धरती फाटे... | 41 |

| अनुक्रमणिका | भक्तिगीत | पृष्ठ |
|---|---|---|
| ६१ | खुल्लां मूक्या छे में तो... | 41 |
| ६२ | उंचा अंबरथी... | 42 |
| ६३ | प्रभु! मने देजे समाचार... | 42 |
| ६४ | भगवाननी दयानो... | 43 |
| ६५ | प्रभुजी! तमे याद करो... | 43 |
| ६६ | हुं प्रभु! तने ओळखुं... | 44 |
| ६७ | अर्हं अर्हं ! अजब धून.. | 44 |
| ६८ | शब्दमां समाय नहि... | 45 |
| ६९ | तेरे द्वार पे आया हूं... | 45 |
| ७० | सौ भाव धरीने बोलजो... | 46 |
| ७१ | मंदिर पधारो स्वामी ! सलूणा... | 47 |
| ७२ | सोनानो मुगट हीरा झगमग थाय... | 48 |
| ७३ | जब कोई नहि आता... | 48 |
| ७४ | समताथी दर्द सहु प्रभु! ... | 49 |
| ७५ | हुं सुखनो रागी छुं... | 50 |
| ७६ | प्रभु! तमारा पगले पगले... | 50 |
| ७७ | मारा हृदय सिंहासन पर... | 51 |
| ७८ | वरसे भले वादळी ने... | 52 |
| ७९ | तुज नाम लेवुं मुजने... | 52 |
| ८० | दर्शन देजो नाथ! | 53 |
| ८१ | दर्शन दो एकवार... | 53 |
| ८२ | तुं मने भगवान एक वरदान... | 54 |
| ८३ | प्रेमनां बंधन जो जे तूटी... | 54 |
| ८४ | तारजे डूबाडजे... | 55 |
| ८५ | प्रभु! तारुं गीत मारे... | 55 |
| ८६ | प्रभु! मारो हाथ झाली लेजे... | 56 |
| ८७ | मननो मोरलीयो... | 56 |
| ८८ | तमारा प्रभुजी दर्शन थयाने... | 57 |
| ८९ | नागेश्वर पार्श्वनाथ!, सुणजो सुखदाय... | 58 |
| ९० | भान भुलावे, शान भुलावे... | 59 |
| ९१ | फूल नहि तो पांखडी... | 59 |
| ९२ | क्यां सुधी याद करुं हुं तमने... | 60 |
| ९३ | पार्श्वप्रभुनी भक्ति प्यारी प्यारी लागे रे... | 61 |

| अनुक्रमणिका | भक्तिगीत | पृष्ठ |
|---|---|---|
| ९४ | भक्तिनी गाडी आवी रे... | 61 |
| ९५ | रजा आपो हवे दादा... | 62 |
| ९६ | अरिहंत बनावे... | 63 |
| ९७ | जन्मो गुमाव्या तारी वाटडी... | 64 |
| ९८ | सामुं जुओने मारी सामुं जुओने... | 65 |
| ९९ | कहोने क्यारे मळशुं नाथ! ... | 66 |
| १०० | नेमजीना नामनी तुं धून... | 66 |
| १०१ | मळवुं छे नाथ! नथी कोई संगाथ... | 67 |
| १०२ | दोषथी हर्यो भर्यो छुं छतां हो दादा!... | 67 |
| १०३ | आपत्तिओ आवे भले... | 68 |
| १०४ | रात दिवस उपकारो तारा... | 68 |
| १०५ | हे उपकारी! कृपा वरसावो... | 69 |
| १०६ | नथी जाणतो हुं तारी भक्ति.. | 69 |
| १०७ | दोषथी हर्यो भर्यो छुं छतां (२)... | 70 |
| १०८ | शाश्वता सुखो, आपोने जिनवर!... | 70 |
| १०९ | हृदयमंदिरना मारा देव!... | 71 |
| ११० | तारो ने मारो, संबंध न्यारो... | 72 |
| १११ | हे जीरावला ! तुं मनमां समातो... | 72 |
| ११२ | मुनिसुव्रतस्वामी!, तुं अंतर्यामी... | 73 |
| ११३ | परमातमांथी रंगाशे मारो आतमा... | 73 |
| ११४ | तारुं धार्युं बधुं थाय छे... | 74 |
| ११५ | आंखना द्वारे आवजो जिनवर !... | 74 |
| ११६ | तारी पासे आज मांगुं ... | 75 |
| ११७ | तोफान रागनुं छे, हेरान आतमा छे ... | 76 |
| ११८ | मीट मांडी तारी सामे, बेठो हुं ज्यारथी ... | 77 |
| ११९ | राजाओना राजा ! मोटा महाराजा ! ... | 78 |
| १२० | आंखडी मींचाय छे ने... | 79 |
| १२१ | ज्यां तारी छबी, विलसे हर पल... | 80 |
| १२२ | मारा होठे तमारुं स्मरण... | 81 |
| १२३ | सिद्धशिलाना स्वामी! सुणो... प्रभु!... | 82 |
| १२४ | प्रभु! तमारी यादमां हुं घायल बन्यो छुं!... | 83 |
| १२५ | मारो स्वामी! एक तुं देवाधिदेव रे!... | 84 |

# प्रभुस्तुति

नयनो महीं नयनो मिलावी, जीवनभर जोया करुं,
ने आपने जोता प्रभुजी!, कर्ममल धोया करुं,
प्रत्यक्ष दर्शन पामवा हुं, जीवन आ खोया करुं;
ने ना मळे तुं त्यां लगी, हुं खूब खूब रोया करुं... १

झिलमिल थतां दीपक तणा, अजवासना पडदा परे,
हरपल अने हरक्षण प्रभु !, तुं अवनवा रुपो धरे,
हे विश्वमोहन ! निरखता, अनिमेष नयने आपने;
त्रण जगत न्योछावर करुं, तारी उपर थातुं मने... २

तुज अंगेअंगोथी वरसती, दिव्य अमृतनी झडी,
शुं मूर्ति तारी श्वेत शीतल, चन्द्रकिरणोथी घडी,
हे हिमधवल ! कर्पूरना, पुंजे करी तुं छे बन्यो;
केवो अजब शीतल मधुर ने, सौम्य तुं छे नीपन्यो... ३

मुज अंगेअंगो विकसता, ज्यारे प्रभु ! तुजने नमुं,
मुज रोम सर्वे थिरकता, ज्यारे प्रभु ! तुजमां रमुं,
नेत्रो सदा विकसित बने, ज्यारे निरखतो तुज रहुं;
झूकी जतुं मन माहरुं, ज्यारे प्रभु ! तुजने स्मरुं... ४

ना जोइए धनवैभवो, संतोष मुजने आपजे,
ना जोइए सुखसाधनो, मन संयमे मुज स्थापजे,
ना जोइए अनुकूलता, सुखराग मारो कापजे;
मुज जीवनघरमां हे प्रभु !, तुज प्रेमसौरभ आपजे... ५

रोगो भले मुज जाय ना, मुज रागने प्रभु ! टाळजो,
दु:खो भले मुज जाय ना, मुज दोषने प्रभु ! टाळजो,
कष्टो भले मुज जाय ना, आंतर-कषायो टाळजो;
भले दुर्गति मुज ना टळे, पण दुर्मति प्रभु ! टाळजो... ६

मळजो मने जनमोजनम, बस आपनी संगत प्रभु !,
रेलाय मारा जीवनमां, भक्तितणी रंगत प्रभु !,
तुज स्मरणभीनो वायरो, मुज आसपास वहो सदा;
मुज अंगे अंगे नाथ! तुज, गुणमय सुवास वहो सदा ... ७

ना तेज हो नयने परंतु, निर्विकार रहो सदा,
हैये रहो ना हर्ष किंतु, सद्‌विचार रहो सदा,
सौंदर्य देहे ना रहो पण, शीलभार रहो सदा;
मुज स्मरणमां हे नाथ ! तुज, परमोपकार रहो सदा ... ८

दु:खो तणा डुंगर भले, तूटी पडो मुज उपरे,
आपत्तिना वादळ भले, वरसी पडो मुज उपरे,
रोगो तणी फोजो भले ने, त्राटके मुज उपरे;
पण सर्व काले नाथ ! तारो, हाथ रहो मुज उपरे... ९

आराधनानी गांठ सरकी, जाय ना जो जे प्रभु !,
मुज भावनानो स्रोत अटकी, जाय ना जो जे प्रभु !,
आ श्वासनी क्यारी महीं, तुज नामने रोप्युं प्रभु !,
अे मोक्षगामी बीज बगडी, जाय ना जो जे प्रभु !... १०

तारी कृपानां फल स्वरुपे, मुक्ति ज्यां लगी ना मले,
तारा चरणनी छांय त्यां लगी, नाथ कदीये ना टले,
माळी बनी मुज बागने, तुं सींचजे करुणाजळे;
जेथी करीने आत्मभूमिए, बीज बोधि तणुं फळे... ११

सुख-दु:ख सकल वीसरुं प्रभु ! अेवी मळे शक्ति मने,
सौने करुं शासनरसी, अेवी मळे शक्ति मने,
संक्लेश-अगन बुझावती, मळजो अभिव्यक्ति मने;
मनने प्रसन्न बनावती, मळजो अनासक्ति मने... १२

आ सृष्टिनो शृंगार तुं, आ अवनिनो आधार तुं,
आनंदनो अवतार तुं, परमार्थ पारावार तुं,
अंधारघेर्या अखिल विश्वे, एक अजब उजास तुं;
सुगुणो तणो आवास तुं, मारां हृदयनो श्वास तुं... १३

शब्दोतणो वैभव नथी, भावोनो वैभव आपजे,
शक्तितणो वैभव नथी, भक्तिनो वैभव आपजे,
बुद्धितणो वैभव नथी, श्रद्धानो वैभव आपजे;
विज्ञाननो वैभव नथी, वैराग्य वैभव आपजे... १४

भगवान ! तुजने वंदनारा, वंदनीय बनी जाय छे,
भगवान ! तुजने पूजनारा, पूजनीय बनी जाय छे,
भगवान ! तुजने निरखनारा, निर्विकारी थाय छे;
भगवान ! तुजने भेटनारा, भव थकी तरी जाय छे ... १५

जेना प्रभावे जीवनमां, हुं परमशांति अनुभवुं,
जेना प्रभावे वरसमाधि, मरणमां पामीश हुं,
जेना प्रभावे पवनवेगे, मोक्षमां पहोंचीश हुं;
ते आदिनाथ जिनेन्द्रने, पंचांग भावे हुं नमुं... १६

क्यारेक ललचावे हृदयने, रंग आ संसारना,
क्यारेक खेंचे हृदयने, संबंध आ परिवारना,
तुजने निहाळी किन्तु प्रभु ! मुज, हृदय मोक्ष तरफ ढळे;
हे शांति जिनवर! तुज शरणमां, शांति मुज मनने मळे... १७

राजीमती भूली गई ते, स्नेह संभार्यो तमे,
राजीमतीनो वणकह्यों, आत्मा प्रभु ! तार्यो तमे,
हुं रोज संभारुं मने, क्यारेक तो संभारजो;
हे नेमिनाथ ! जिनेन्द्र मारी, प्रार्थना स्वीकारजो... १८

हे नाथ ! तृष्णा अग्निअे, जनमोजनम बाळ्यो मने,
नेहाळ नयनोमां डुबाडी, प्रभु ! तमे ठार्यो मने,
छे झंखना बस एक के, मुजने भवोभव ठारजो;
हे नेमिनाथ ! जिनेन्द्र मारी, प्रार्थना स्वीकारजो... १९

तमने प्रभु! पामी पळे पळ, परमशाता अनुभवुं,
हे नाथ ! तमने छोडीने, बीजे नथी मारे जवुं,
मारे जवुं छे मोक्षमां, मुज मार्गने अजवाळजो;
हे नेमिनाथ जिनेन्द्र!, मारी प्रार्थना स्वीकारजो... २०

हे वीर ! मारा नयनमां,  ज्योति थईने आवजो,
हे वीर ! मारा जीवनमां, रसधार लईने आवजो,
हे वीर ! थईने हीर मुज, कंठाभरण चमकावजो;
हे वीर ! करुणानीर अनराधार थई वरसावजो... २१

संसारनी नि:सारता, निर्वाणनी रमणीयता,
क्षण क्षण रहे मारा स्मरणमां, धर्मनी करणीयता,
सम्यक्त्वनी ज्योति हृदयमां, झळहळे श्रेयस्करी;
प्रभु ! आटलुं जनमोजनम, देजे मने करुणा करी... २२

गुणीजन विशे प्रीति धरुं, निर्गुण विशे मध्यस्थता,
आपत्ति हो, संपत्ति हो, राखुं हृदयमां स्वस्थता,
सुखमां रहुं वैराग्यथी, दु:खमां रहुं समता धरी;
प्रभु ! आटलुं जनमोजनम, देजे मने करुणा करी... २३

संकट भले घेराय ने, वेराय कंटक पंथमां,
श्रद्धा रहो मारी सदा, जिनराज ! आगमग्रन्थमां,
प्रत्येक पल प्रत्येक स्थल, हैये रहो तुज हाजरी;
प्रभु ! आटलुं जनमोजनम, देजे मने करुणा करी... २४

तारां स्तवन गावा हंमेशा, वचन मुज उल्लसित हो,
तारां वचन सुणवा हंमेशा, श्रवण मुज उल्लसित हो,
तुजने निरखवा आंख मारी, रहे हंमेशा बहावरी;
प्रभु ! आटलुं जनमोजनम, देजे मने करुणा करी... २५

मनमां स्मृति, मूर्ति नयनमां, वचनमां स्तवना रहे,
मुज रक्तनां हर बुंदमां, जिनराज ! तुज आज्ञा वहे,
पहोंचाडशे मोक्षे मने, जिनधर्म ओवी खातरी;
प्रभु ! आटलुं जनमोजनम, देजे मने करुणा करी... २६

मुज क्रोध अग्निथी प्रभु! कैं, केटला बाळ्यां हृदय!,
मुज आसपास बधे ज में, हंमेश सळगाव्यो प्रलय!,
हे प्रकाशमय! करजो कृपा, करुं क्रोधज्वाळानुं शमन!;
दोषो हण्या सघळा तमे, हे अजितजिन! तमने नमन... २७

मेरुगिरि ध्रुजाववानी, चरणमां शक्ति हती,
इन्द्रो - नरेन्द्रो, सृष्टि आखी, चरणमां नमती हती,
पण आपना दिलमां थयुं, अभिमाननुं ना आगमन;
दोषो हण्या सघळा तमे, हे अजितजिन! तमने नमन... २८

बस लक्ष मारुं ए हतुं, के 'लोकप्रियता' शें मळे?,
मुज पाप गुप्त रहे मने, सन्मान-संपद सांपडे,
आ लालचे दिनरात कर्युं, दंभमायानुं मनन!;
दोषो हण्या सघळा तमे, हे अजितजिन! तमने नमन... २९

धनलोभ ने सुखलोभमां, दुःख छे - हवे समजाय छे,
संयम अने संतोषमां, सुख छे - हवे समजाय छे,
करवुं हवे मनमांथी मारे, लोभना विषनुं वमन!;
दोषो हण्या सघळा तमे, हे अजितजिन! तमने नमन... ३०

मनने बनावे वासना-मय रूप ते देखाय ना,
मनने बनावे गुणविमुख जे, दोष ते देखाय ना,
प्रभु! आव, नयणे आव, अेवुं आंजी दे अंजन मने!;
हे नाथ! अभिनंदन प्रभु! वंदन तने वंदन तने!... ३१

ज्यारे सतावे कामदुश्मन, मन विवश थई जाय छे,
तारी कृपाथी जे मळ्या, थोडा गुणो, लुंटाय छे,
मुज लाज तारे हाथ छे, हे नाथ! देजे बळ मने;
शीतल प्रभु! वरसाव करुणा, नाथ! कर शीतल मने... ३२

श्री कृष्णनी पटराणीओ, लोभाववा तमने मथी,
त्यारेय अंतरमां तमारा, कामज्वर आव्यो नथी,
हे कामविजयी! नाथ! मारो कामराग निवारजो;
हे नेमिनाथ! जिनेन्द्र! मारी, प्रार्थना स्वीकारजो... ३३

स्वामी! तमे सेवकजनो, तार्या बहु तेथी कहुं,
आ दु:खमय संसारमां, रझळी रह्यो छुं नाथ! हुं,
विनति करुं छुं, करगरुं छुं, नाथ! मुजने तारजो;
हे नेमिनाथ! जिनेन्द्र! मारी, प्रार्थना स्वीकारजो... ३४

मूर्ति प्रशम पावनसुधा, वरसावनारी जेमनी,
वाणी हृदय वैराग्य सुख, उपजावनारी जेमनी,
आज्ञा परम शाश्वतपदे, पहोंचाडनारी जेमनी;
अेवा प्रभु श्री पार्श्वने, पंचांग भावे हुं नमुं... ३५

ना वैर हो मुज हृदयमां, किन्तु रहो शुभकामना,
ना कोइ आवे शत्रुता, ना क्यांय हो दुर्भावना,
कल्याण हो सौ जीवनुं, आ भाव हो मुज हृदयमां;
हे देव! मैत्रीभावनी, सुरभि वहो मुज हृदयमां... ३६

सहु सत्त्वना दु:खडां टळो, सौने अमर सुखडां मळो,
ना पाप कोई आचरो, सौ धर्म निशदिन आदरो,
सौ जीव मैत्रीमय बनो, आ भाव हो मुज हृदयमां;
हे देव! मैत्रीभावनी, सुरभि वहो मुज हृदयमां... ३७

सुख कोईनुं देखी प्रभु!, मुज हृदयमां ईर्ष्या न हो,
ने कोइना अवगुण निरखवानी मने इच्छा न हो,
गुणने निहाळे अेवी हो, गुणदृष्टि मारां हृदयमां;
हे देव! मुदिता भावनी, हो वृष्टि मारा हृदयमां... ३८

दु:ख कोईनुं जीरवी शके, ना-अेवुं हो अंत:करण,
दु:ख कोईनुं, जोई वहो, मुज नयनमां अश्रुझरण,
मुज दु:ख भूली अन्यनुं, दु:ख टाळवा मुज भाव हो;
हे देव! करुणाझरण मारा, हृदयमां वहेतुं रहो... ३९

नि:शंक थइ पापो करे, निर्दय बनी हिंसा करे,
जे देव-गुरुनी पण सदा, बेफाम बनी निंदा करे,
अेवा जीवो पर मुज हृदयमां, द्वेष ना हो राग ना;
हे देव! मारा हृदयमां, प्रगटो उपेक्षा भावना... ४०

## (१)

**हुं छुं तमारो, तमे छो मारा... आ वात तमने कही दउं छुं...**

याद करुं छुं हरपळे, मनमां स्मरुं छुं हरपळे,
जे तमारामां मळे, अेवुं बीजामां ना मळे;
साहेब मारा प्राण तमे छो, साहेब मारुं ध्यान तमे छो,
सौथी सलामत स्थान तमे छो, आगम तत्त्वनुं ज्ञान तमे छो... १

तमारा सांनिध्यमां, निशदिन रहेवा चाहुं छुं,
मननी सघळी वात हुं, तमने ज कहेवा चाहुं छुं;
तमे मने तो बधुं ज आप्युं, में तो तमोने कांइ न आप्युं,
तमे छो मारा जीवनदाता, तमे ज पिता तमे ज माता... २

तमारा अस्तित्त्वमां, संपूर्ण भळवा चाहुं छुं,
तमारा आनंदनी, अनुभूति करवा चाहुं छुं;
धर्मना दायक तमे धुरंधर, तमे परमतारक शुभंकर,
तमे कृपाना सरस सागर, तमने आपुं अनंत आदर... ३

तमारा जेवो भले हुं, ना बनुं तो चालशे,
बस तमारो बनीने रहुं, तो ये प्रभु मने चालशे;
तमाराथी शुभभाव मळे छे, अशुभभावो दूर टळे छे,
साधना काजे बळ मळे छे, जल्दीथी मुक्तिनुं फळ मळे छे... ४

## (२)

**मारा शमणामां नेमप्रभु आवतां रे लोल,**

**अे तो आवीने मुजने जगाडता रे लोल ...**

अे तो आंखोमां अमृत वरसावता रे लोल...
मारी घेरी निंदरने उडाडता रे लोल,
अे तो उरना आसनीये बिराजता रे लोल,
हुं तो अंतरथी आरती उतारतो रे लोल;
हुं तो भावोनां फूलडे वधावतो रे लोल...१

मारी तृष्णा अग्निने अे शमावता रे लोल,
मारा मनमां वैराग्यने जगाडता रे लोल,
मारा दुर्गुणने दूर अे करावता रे लोल;
मारा आतमने पावन बनावता रे लोल...२

अेनां करुणाझरणमां डूबाडता रे लोल;
भवोभवना संतापने शमावता रे लोल,
हुं तो अेने ज भेटवाने झंखतो रे लोल;
अेनी यादोमां घडीओ वीतावतो रे लोल...३

## (३)

**हे दीनबंधु ! हे दीनानाथ ! तेरी दया से सब है सनाथ...**

जपो नाम, प्रभु नाम...रटो नाम, सुबह-शाम...
सारी जिंदगी तेरे हवाले, तुं चाहे बिगाडे सवारे;
मैं तेरा हूं, तूं ही संभाल... १

साचो नाम है एक ज तेरो, जो पार उतारे भवफेरो;
तूं है जहाँ में, सब से महान... २

तेरे चरणो के हम है पूजारी, नैया पार करा दे तूं हमारी;
तूं है हमारा जीवन आधार... ३

(४)

माथे तुं बेठो छे दादा !, पछी फिकर मारे शा माटे ?,
हैयामां बस एक ज इच्छा, एक दिवस मने बोलावे;
मारो श्वास तुं, विश्वास तुं, भवोभव तणो सथवार तुं...१

अद्‌भुत अनुपम शोभा तारी, सूरज चंदा झांखा पडे,
करुणा तारी अनहद बेहद, जेनी जोड जगे ना जडे;
तुज नयनोथी वरसे झरमर, अमृततणा झरणा...
मारो प्राण तुं, मारो त्राण तुं, मुज हृदयनो धबकार तुं... २

तारा शरणे आवे अेना, कर्म सदाये बळता रहे,
तारी मोहनी मुद्रामांथी, निशदिन तेज अे झीलता रहे;
तने कहेवुं छे मारे बस एटलुं, मने देजो मुक्तिनुं दान...
मारो नाथ तुं, मारो साथ तुं, भव भव तणो आधार तुं... ३

प्रभुजी ! हवे तो कांइ गमे ना, आ दुनियामां तारा विना,
क्याये मुजने चेन पडे ना, तारा पावन दर्श विना;
कृपा करीने मुक्ति दो, तुज सेवकने प्यारा ...
रोमे रोमे तुं, हर श्वासे तुं, मुज हैयानो शणगार तुं... ४

(५)

मारा जीवनमां नाथ आप आवो... हर्षनी हेली प्रभु! वरसावो...१
तारा विण भवमां प्रभु ! खूब भटक्यो, हवे विरहनुं दु:ख ना आपो...२
व्यक्ति रूपे छो लोकना छेडे, शक्तिथी मारा अंतरे बिराजो...३
मारा मस्तक पर आप हाथ मूको, तो नहि रहेशे दु:खनो दावो...४
थोडुं सुख अमने पण दीयो दादा !, अेकलां ना ल्यो सुखनो ल्हावो...५
एक अक्षर तो प्रभु! बोलोने, मौन राखीने केम तडपावो?...६

## (६)

मीठो साद दइने तें तो मारा, उघाड्या नयन,
साचो पंथडो बताव्यो ने त्यां, वहाव्या किरण,

तुज स्नेहनी आ रिमझिम धारे, भींजाइ वारेवारे, हैयुं करे छे टहुकारो...
तुं एक ज छे मारो (३) सथवारो ... १

मारा मनमां तारा विना नहि कोइ...
मुज तन-मन खीले, भावोमां झीले, तुं छवाय ज्यारे थइने वादळी;
मुज मनडुं नाचे, तुज शरणुं याचे, वागे ज्यारे तुज वाणीनी वांसळी;
तारा संगे मारुं जीवन स्वामी ! निर्मल बने,
मुज हैयुं स्वामी ! सहु जीवो पर स्नेहल बने ... २

वैराग्यने समता-मां निशदिन रमतां, ते दीपावी साधनाने जे रीते,
भवपार उतरवा, मुक्तिने वरवा, साधवुं छे संयम मारे अे रीते;
तुं जे जीव्यो अेवुं जीवन मारे जीववुं प्रभु !,
तारी जेम अजरामर मारे थावुं प्रभु! ... ३

## (७)

रोमे रोमे हर्षनी वृद्धि करावे छे, साधनाथी आत्मानी शुद्धि करावे छे...
आगमन तारुं आगमन ... (२)

आतमाने आंजी दे विषयोतणा आकर्षणो,
आपुं जेथी आफतो वळी दु:खने आमन्त्रणो;
आसक्तिना दलदल थकी मुजने उगारे छे, शुभ-योगोनी तरफ प्रीति वधारे छे...१

दोषो तणा अे वृंदने रहेवु पडे दूरे हवे, सद्‌गुणो चाहे छे रहेवा आवीने मारा उरे;
दुर्मतिने मुज थकी दूरे धपावे छे, शुभमतिथी आतमाने मघमघावे छे...२

लागे छे मारग माहरो झाझो नथी दूरे हवे,
चालुं भले धीमुं छतां थाशे सफर पूरी हवे;
कंटकोने मार्गना पुष्पो बनावे छे, हाथ पकडी स्नेहथी मुजने चलावे छे...३

## (८)

**युगोथी हुं पुकारुं छुं, प्रभु! क्यारे कृपा करशो?**

विनंति हुं गुजारुं छुं, प्रभु! क्यारे कृपा करशो ... १
प्रवासी कोई जंगलमां, सलामत आशरो शोधे,
गरम रणमां तरुवरनो, मुसाफिर छांयडो गोते;
तमोने एम चाहुं छुं....प्रभु! क्यारे कृपा करशो ... २
समावी ले सरिताने, समंदर जे उमळकाथी,
तमे दिलमां स्वीकारी लो, मने अेवी ज ममताथी;
वियोगे हुं सुकाउ छुं....प्रभु! क्यारे कृपा करशो ...३
जनेता जेम डगमगता, शिशुनी आंगळी झाले,
तमे आपो सहारो तो, सरळ मारी सफर चाले;
तमारो साथ मांगु छुं....प्रभु! क्यारे कृपा करशो ...४

## (९)

ऊंचा-ऊंचा देरामांहे, शोभा जेनी न्यारीजी,
रूप प्रभुनुं निरखी हुं तो, हैयुं जाउ हारीजी... आ मारा पारसजी (२)
सप्तफणा जेना मस्तक पर, अेम जणावे अमनेजी,
भक्ति प्रभुनी रक्षण आपे, सातभयोथी तमनेजी;
आ जिनवर छे साहिब मारा, हुं छु अेनो दासजी... १
पवित्रता मारा जिनवरमां, राजे अंगे-अंगेजी,
पावन थाये जीवतर मारुं, अे जिनवरना संगेजी;
आ जिनवर छे सौथी न्यारा, कोई ना तोले आवेजी... २
नीलवरणनो देह प्रभुनो, लागे प्यारो प्यारोजी,
शीतलता आपे आतमने, उतारे भवफेरोजी;
आ जिनवर छे सौथी प्यारा, मुज हैयाना हारजी... ३
अेवी मीठी छाय प्रभुनी, छांडी पण ना छूटेजी,
बंधाणी जे प्रीत प्रभुथी, तोडी पण ना तूटेजी;
अंतिम श्वास लगी जोडाणो, जिनवर साथे तारजी... ४

## (१०)

कृपानो धोध वरसावो, तमारा चरणोमां राखो, स्वीकारो दासनी सेवा (२)

नथी कोइ योग्यता मारी, तो ये करुणा वहे तारी,
स्वीकार्यो तें प्रभु ! मुजने, रहीश हुं तारो आभारी;
तारी कृपा रहे मुज पर, पछी शुं मांगवुं जिनवर !...१

कर्युं सगपण में तुज साथे, तने राख्यो छे मुज माथे,
भवोभव साथ तुं देजे, सदा स्मरणोमां तु रहेजे;
तारी दृष्टि रहे मुज पर, पछी शुं मांगवुं जिनवर !...२

तुं ही माता, तुं ही पिता, तुं ही बंधु, तुं ही प्रियतम,
तुं ही स्नेही, तुं ही व्हालो, तुं ही प्यारो, तुं ही वालम;
तारुं वात्सल्य हो मुज पर, पछी शुं मांगवुं जिनवर !...३

## (११)

व्हाला आदिनाथ! में तो पकड्यो तारो हाथ, मने देजो सदा साथ हो...
व्हाला आदिनाथ ! हो ...

आव्यो तुम पास, लइ मुक्तिनी एक आश, मने करशो ना निराश हो...
व्हाला आदिनाथ ! हो ...

तारा दर्शनथी मारा, नयनो ठरे छे ... नयनो ठरे छे,
रोमेरोम आ मारा, पुलकित बने छे... पुलकित बने छे;
भवोभवनो मारो उतरे छे थाक... हुं तो पामुं हळवाश हो...१

तारी वाणीथी मारुं, मनडुं ठरे छे... मनडुं ठरे छे,
बांधेला कर्मो मारा, तत्क्षण खरे छे...तत्क्षण खरे छे;
ठरी जाय छे मारा, कषायोनी आग... तूटे राग-द्वेषनी गांठ हो...२

तारी कृपाथी मारा, काज सरे छे... काज सरे छे...
तारा पंथे संचरवा, सत्त्व मळे छे... सत्त्व मळे छे;
टळी जाय छे मारो मोह अंधकार... खीले ज्ञान अजवाश हो ... ३

## (१२)

**मारा स्मरणोमां तुं सदाय रमजे, बीजुं कांइ ना मांगु...**

मारी नजरोमां तुं सदाय रहेजे, बीजुं कांइ ना मांगु...
रोज शमणामां जेम आवे नाथ ! तुं, देजे जीवनभर मुजने संगाथ तुं;
मारा हैयामां तुं सदाय वसजे, बीजुं कांइ ना मांगु...१

में जोयो छे तने बस पाषाणमां, के पछी कोई आगम वखाणमां;
कदी साचे आवीने तुं मळजे, बीजुं कांइ ना मांगु...२

लाखो-क्रोडो छे भक्तो प्रभु ! तने, एमां क्यांथी तुं जाणे प्रभु ! मने;
एक दृष्टि मारा पर तुं करजे, बीजुं कांइ ना मांगु...३

तारा शब्दो करावे छे उन्नति, तारुं शरणुं हरी ले छे दुर्गति;
हर भवे नाथ ! तुं मुजने मळजे, बीजुं कांइ ना मांगु...४

## (१३)

**नीरख्यो छे तने प्रभु ! में ज्यारथी, हैयामां वसी गयो छे त्यारथी;**
हुं तारा स्नेहमां डूबी गयो प्रभु !, बनी गयो हवे तारो हुं प्रभु !,
एक तारुं नाम, प्रभु! मने गमे; तारी यादोमां मारुं मन रमे;
तारा विना बीजुं, मने ना कोई गमे...१

पवित्रता भरी छे तारा अंगमां, प्रसन्नता मळे छे तारा संगमां,
तारा रुपमां छे सौम्यता वसी, तारी आंखोमां छे करुणा वसी;
अनंता गुणोथी मढ्यो छे प्रभु! तुं, दोषोथी रह्यो छे खूब दूर तुं...
मारा व्हाला प्रभु !...२

दोष दूर थाय तारा स्पर्शथी, शोक दूर थाय तारा दर्शथी,
तारी सेवना बनावे तुज सम, ने स्थान आपे मोक्षनुं अतिपरम;
पुण्यना उदयथी मळ्यो छे मने तुं, हवे कदी ना थाजे मुजथी दूर तुं...
मारा व्हाला प्रभु!...३

## (१४)

**प्रभु ! तारा नयनोथी अमृत झरे छे;**

मुख जोइ तारुं...(२) हैयुं ठरे छे... १

मुखडानी शोभा तारी, लागे छे प्यारी, दर्शन तारुं प्रभु! अति सुखकारी;

पापीजनोने...(२) पावन करे छे... २

जेणे तने प्रभु! हैयामां धार्या, तेने प्रभु! तें, भवथी उगार्या;

एक बस मुजमां...(२) ढील करे छे... ३

परमगतिमां, प्रभु! तुं वस्यो छे; सुख अनंता, प्रभु ! तुं वर्यो छे;

दु:खो जगतना...(२) दूर करे छे... ४

## (१५)

**तारी आणा अलौकिक छे, तारा वचन मौलिक छे;**

षट्कायोनी माता, तुं छे सहुनो त्राता, शिवसुखनो छे दाता...१

मारा जेवा हजारो प्रभु!, तारी आणाथी तरी जाय छे,

जनमोजनम केरा दोषने, तारी आणा तो हरी जाय छे;

तारा पंथे चढे, कर्मो सामे लडे, अंते तुजने मळे...२

राग-द्वेष-अज्ञानता, दोषो थकी तुं प्रभु! दूर छे,

तेथी ज साचा छे तारा वचन, हैये श्रद्धा भरपूर छे;

तारो वचनातिशय, पामे जगमां विजय, आपे सहुने अभय...३

तारी वाणी झीलीने प्रभु!, चक्रीओ सर्व समृद्धि त्यजे,

तारा तारक योगो थकी, सहेजे मुक्तिना सुखने भजे;

तारुं पावन शरण, लागे अमृतझरण, करावे भवतरण...४

भावो हृदयमां एक ज रमे, तुज सम अरिहंत ! क्यारे बनुं?,

स्वार्थमति ओगाळी प्रभु!, सौनी हितकामनाने करुं;

सौना पापो टळे, सौने मुक्ति मळे, मारा भावो फळे...५

## (१६)

**हे प्रभु! हे प्रभु !, खूब चाहुं तने !...**

**तारा सांनिध्यमां, सुख लागे मने!...**

जे समे तुं प्रभु! अवतरे अवनिमां, ते समे सुख पथराय आ विश्वमां;
दु:ख नारकतणां, पण टळे ते क्षणे...१

स्वारथी छे बधा, सगपणो आ विश्वमां, एक साचो तुं छे, स्नेही आ विश्वमां;
प्रेमसौरभ मळे, नाथ तारी कने... २

हे दयाळु प्रभु!, जे जीवो तने मळ्यां, ताराथी कांइ ने, कांइ पामी गया;
तुं मळी जाय तो, शुं जगे ना बने...३

तारी करुणा मळी, जे जीवोने विभु!, ते जीवो शुभगतिमां गया छे प्रभु!;
तारा अनुभावथी, ना भमे भववने...४

## (१७)

तुं मळ्यो जो तारनारो नाथ! तो पछी,
थइ शक्युं ना श्रेय मारुं नाथ! केम हजी?,
दादा ! हवे, तारो मने, तारो हवे, तारो मने... १

खूब कर्या छे अपराधो, दुष्ट जीवोअे प्रभु! तारा,
तो ये प्रभु! ते, करुणा वहावी, सहुने भवथी उगार्या;
शुं दोष छे, मारो प्रभु?, जेथी नहि, तार्यो मने?...२

चाहुं थवाने तुज जेवो, पण ना करुं हुं श्रम अेनो,
हुं छुं प्रमादी, विषयोनो रागी, ने छुं प्रभु ! दुर्भागी;
तुं एक छे, मारो प्रभु!, तुं ना कहे तो, क्यां हुं जउं?...३

भवलीलामां अटक्यो छुं, दुर्गतिओमां भटक्यो छुं,
सहेवी पडी छे वेदनाओ भारी, स्पर्शी शुं करुणा न तारी;
जेथी प्रभु! तुं छे छतां, दु:खो घणा, प्रभु! में सह्या...४

सेवक छुं हुं प्रभु! तारो, तारक देव छे तुं मारो,
खामीओ सघळी, माफ करीने, कर तुं मुज निस्तारो;
तारा विना, ना कोई पर, श्रद्धा मने, ओ जिनवर!...५

## (१८)

जय जय श्री शंखेश्वरनी बोलो, त्रण भुवननो स्वामी छे अनमोलो,
क्षपकश्रेणी मंडावो प्रभुजी!, केवळज्ञान आपो,
कर्मतणा बंधन तोडावी, सिद्धशिलाअे स्थापो;
शंखेश्वर मैया... छो जग रखवैया... तारो अमारी आ नैया(२)... १

तुं कलिकालनो कल्पतरु छे, दु:खहरु ने साचो सुखकरु छे;
तुज गुणला गाता, मुज हरखे हैया... २

आकर्षण छे अजब तमारुं, सम्यक्त्वनी संपद देनारुं;
ऐश्वर्य तमारुं, जोइ नाचे हैया... ३

तुज नयनोथी करुणा वरसती, मुज आतमाने पावन करती;
कृपा वरसावो, साचा खेवैया... ४

विश्वस्थितिना मूळाधार छो, अंतरज्योतिने प्रगटावनार छो;
अम सहु सेवकना, छो अर्हं मैया... ५

## (१९)

मुजने पार उतारो प्रभुजी ! भवअटवीथी उगार रे...
परमदयाळ ! परम कृपाळ !... १

रागना बंधन तोडी बनावो, मुजने आप समान,
सर्व जीवो पर सदाये रहे मुज ! भावो एक समान;
तारी सेवा करता प्रभुजी!, पामुं भवनो पार रे... २

जुअे सदाये दोषो जगतना, अेवी छे दृष्टि अमारी,
जुअे जगतना गुणो अेवी, बनावो दृष्टि अमारी;
तारी स्तवना करता प्रभुजी!, टाळुं कर्म विपाक रे... ३

संसारकेरा प्रलोभनोथी, हुं प्रभु! रोज पीडाउं,
क्यारे त्यागी आ सघळुं एकान्त, बस एक तुजने ध्यावुं?;
झंखना मारी एक प्रभुजी!, पूरजे त्रिभुवन नाथ! रे... ४

## (२०)

**प्रभु! तुं कल्पतरुथी वधु छे ...**
**विना मांगे मुजने ते आप्युं बधुं छे ...**

मळी मुजने सिद्धि, मळी मुजने शुद्धि,
ने तारा थकी थई छे सद्भाव वृद्धि,
वर्तावे मुजने सदा शुभयोगे,
मळी छे ओ भावोनी सुंदर समृद्धि;
प्रभु ! तारो स्नेह, तो मुज पर वधु छे,
नथी योग्यता, पण ते आप्युं बधुं छे...१

हतुं जे अशक्य, ते शक्य बन्युं छे,
हतुं जे अकल्प्य, ते सत्य बन्युं छे,
नथी पुण्य मारुं, नथी मारुं सत्त्व,
आ सघळुं बस तारी, कृपाथी थयुं छे;
प्रभु! तारी करुणा, तो मुज पर वधु छे,
विना कांई झंखे, तें आप्युं बधुं छे...२

क्षणे क्षण वीतावुं छुं जेम हुं सुखमां,
वधे छे अहोभाव मुजने तुजमां,
हतो क्यां निगोदे, पीडातो हुं दुःखमां,
उगार्यो ते मुजने, तो आजे छुं सुखमां;
प्रभु! तारुं हेत तो सौथी वधु छे,
न झंख्युं में तो ये, तें आप्युं बधुं छे...३

## (२१)

पार्श्व ! मारा हैयामां, तारी भक्ति भरी देजे;
नाम तारुं पारसनाथ, मारी जीभे जडी देजे... १

तारा विना दुनियामां, अहीं कोई नथी मारुं;
हाथ मारो झालीने, मने तारो गणी लेजे... २

प्रभु ! तारा नामे में, मारी नैया झूकावी छे;
दु:ख केरा दरियेथी, अेने पार करी देजे... ३

काम अेवा कीधा में, मने कहेता शरम आवे;
पाप मारा बाळीने, मने पावन करी देजे... ४

दर्शन देजो रे, मारा हैयामां रहेजो रे;
भक्तो केरी विनंति, तारा काने धरी देजे... ५

## (२२)

पार्श्व प्रभु ! पार्श्व प्रभु !
मारुं जीवन जोवां आवशो के नहि ?...(२) १

मारा जीवनमां कांटा ने कांकरा;
फूलो बिछाववा आवशो के नहि ?...(२) २

मारा जीवनमां खाडा ने टेकरां;
हाथ मारो झालवा आवशो के नहि ?...(२) ३

मारा जीवनमां घोर अंधारा;
दीवो प्रगटाववा आवशो के नहि ?...(२) ४

## (२३)

**तमारी भक्ति हो भवोभव, पछी शुं मांगवुं जिनवर !...**

करुणादृष्टि हो मुज पर, पछी शुं मांगवुं जिनवर !...

जीवनतंतु तणा तारे, बजावुं स्नेहनी वीणा,
तमारा गीतमां गूंजे, मधुरा भाव अंतरना;
बने शासन रसिक दुनिया, पछी शुं मांगवुं जिनवर! ... १

हृदयमां तुं, वचनमां तुं, विचारोमां विभु! वसजे,
नयनमां तुं, श्रवणमां तुं, रगे रग तुं प्रभु! रमजे;
टळे सवि ताप तन-मनना, पछी शुं मांगवुं जिनवर! ... २

वामादेवी तणा नंदन!, शंखेश्वर पार्श्व! हो वंदन,
प्रभु! निष्काम निर्बंधन, निवारो दासनां बंधन;
प्राणांते ध्यान हो तारुं, पछी शुं मांगवुं जिनवर!... ३

हृदय पर तुं, धडक पर तुं, वचन-मन-काय पर पण तुं,
जगत जुओ सहुमां हुं, मने देखाय हुं मां तुं;
बनुं अभेद तुज साथे, पछी शुं मांगवुं जिनवर! ... ४

## (२४)

**मारी आंखोमां शंखेश्वर! आवजो रे, हुं तो पांपणना पुष्पे वधावुं...**

मारा हैयानां हार बनी आवजो रे, हुं तो पांपणना पुष्पे वधावुं ...१

तमे वामादेवीना जाया, त्रण लोकमां आप छवाया;
मारा मनना(२) मंदिरमां पधारजो रे, हुं तो पांपणना पुष्पे वधावुं ...२

भवसागर छे बहु भारी, झोला खाती आ नावडी मारी;
नैयाना(२) सुकानी बनी आवजो रे, हुं तो पांपणना पुष्पे वधावुं...३

मने मोहराजाअे हराव्यो, मने मारग तारो भुलाव्यो;
जीवनना(२) सारथि बनी आवजो रे, हुं तो पांपणना पुष्पे वधावुं...४

मारा दिलमां रह्या छो आप, मारा मनमां चाले तारो जाप;
मारा मनना(२) मयूर बनी आवजो रे, हुं तो पांपणना पुष्पे वधावुं...५

(२५)

आतमना ओवारे, अंधारा घनघोर,

पगलां रे पाडो स्वामी !, थाये ज्योति झाकमझोळ... १

मांड करी ज्यां मारो, दीवडो जलावुं,

आंधी उठे त्यां अेने, क्यांथी हुं बचावुं ?;

अवगुणनी आंधीमां, दीपक डामाडोळ... २

पावन पंथे जावा, जीवडो पुकारे,

दीवडा विना हुं चालुं, कोना रे सहारे ?;

अंतरनी आंखोना, अजवाळां कमजोर... ३

थाक भर्यो छे पगमां, नयने निराशा,

छोडी नथी में तो ये, मंझिलनी आशा;

मुक्तिना मारगडे, अथडाउ चारे कोर... ४

(२६)

हृदयने अशांतिमां राहत मळे छे, प्रभु नाम लेतां (२)...

दिवस ज्यां उगे छे, समस्या उगे छे, संध्या-सूरज पण, फिकरमां डूबे छे;

परंतु बधी आ आफत टळे छे, प्रभु नाम लेतां (२)...१

प्रतिपळ कषायो करे छे चडाई, धीरज ना रहे अेवी चाले लडाई;

आवा समयमां हिंमत मळे छे, प्रभु नाम लेतां (२)...२

घडी एक देव ने घडी देव बीजा, नजीवा सुखो काजे अपात्रोनी पूजा;

ज्यां त्यां रझळवानी आदत टळे छे, प्रभु नाम लेतां (२)...३

## (२७)

तमे तो अमारा, अमे तो तमारा,
संबंधो छे आपणा पुराणा (२) ...१

एक युगमां आपणे साथे हता ने, दिवसो मिलनना केवा तो जता रे;
समयनी संगाथे भुलाणां (२) ...२

अरिहंत पदने पाम्या तमे तो, संसार मायामां रही ग्या अमे तो;
अमे क्रोध लोभे मराणा (२) ...३

तोड्या तमे तो भव केरा चक्कर, मारा नसीबे संसार नक्कर;
मोह मायामां अमे फसाणा (२) ...४

तारा मिलनना अरमाने घूमुं, क्यारे आवीने तारा चरणोने चूमुं?;
विरहना अश्रु वेराणा (२) ...५

## (२८)

जीवन लडाई जीती जनारा,
प्रभु ! तमोने नमन अमारा...

पराक्रमोनी तमे प्रतिमा, चढाण कीधा चरम गतिमां;
गगन भूमिना अमर मिनारा... १

तमे दिवाकर, तमे सुधाकर, तमे ज धरती, तमे ज सागर;
अणु अणुमां बिराजनारा... २

जीवो दु:खी तो तमे दु:खी हो, तमे सुखी जो जीवो सुखी हो;
तमे सहुना सहु तमारा... ३

अमे तमारा गुणो ग्रहीशुं, तमे कह्यो ते धरम करीशुं;
अमे प्रवासी तमे सितारा... ४

## (२९)

प्रभु! अे विनंति हवे तो स्वीकारो,
नथी गमतुं भवमां हवे तो उगारो... १

कदी क्रोधना तो वादळ चढे छे,
समजना सूरजने अे आवरे छे;
समीर थइ क्षमाना हवे तो पधारो... २

कदी मान हाथी आवी चढे छे,
विनयना शिखरेथी गबडावी दे छे;
समर्पणनी सरगम बनीने पधारो... ३

कदी तो कपटना कांटा उगे छे,
निखालस विचारोना फूलोने वींधे छे;
माळी बनीने हवे तो पधारो... ४

लालसानो सागर तुफाने चढे छे,
त्याग तपस्याना वहाणो डूबे छे;
सुकानी बनीने हवे तो पधारो... ५

आत्मकमलमां जो तुं पधारे,
जीवननी नैया पहोंचे किनारे;
विक्रम करीने हवे तो पधारो... ६

छेल्ली विनंति प्रभुजी ! तमोने,
विसारी ना देशो अजित वीर यशोने;
श्वासोनी धडकन बनीने पधारो... ७

(३०)

**अब सोंप दीया इस जीवन को, भगवान ! तुम्हारे चरणोमें (२)**

मैं हूं शरणागत प्रभु! तेरा, रहे ध्यान तुम्हारे चरणोमें (२)... १
मेरा निश्चय बस एक वहीं, मैं तुम चरणों का पूजारी बनुं;
अर्पण कर दुं दुनियाभर का, सब प्यार तुम्हारे चरणोमें (२)... २
मैं जगमें रहुं तो ऐसे रहुं, ज्युं जलमें कमल का फूल रहे;
हे मन-वचन-काय हृदय अर्पण, भगवान तुम्हारे चरणोमें (२)... ३
जहां तक संसारमें भ्रमण करुं, तुज चरणोमें जीवन को धरुं;
तूं स्वामी मैं सेवक तेरा, धरुं ध्यान तुम्हारे चरणोमें(२)... ४
मैं निर्भय हूं तुज चरणोमें, आनंद मंगल है जीवनमें;
आतम अनुभव की संपत्ति, मिल गई है प्रभु ! तुज चरणोमें (२)... ५
मेरी इच्छा बस एक प्रभु !, एक बार तुजे मिल जाउं मैं;
इस सेवक की हर रग रग का, हो तार तुम्हारे हाथोमें (२)... ६

(३१)

**देवाधिदेवतणां, दिलथी दर्शन करीअे...**

अेना गरवा गुणोनुं, चालो गुंजन करीअे... १
आ भौतिक सुखोमां, अेणे केवळ दु:ख जोयुं,
दु:खिया जीवो देखी, अेनुं कोमळ दिल रोयुं;
करुणाना धारकने, चालो वंदन करीअे... २
लाख चोराशी भवमां, जीव शाने भटके छे?,
अेणे जाण्युं के जीवनी, प्रगति क्यां अटके छे?;
अे पावन ज्ञानीनुं, चालो पूजन करीअे... ३
दु:खमांथी छूटवानो, अेणे मारग अपनाव्यो,
सृष्टिना सौ जीवने, नि:स्वार्थे बतलाव्यो;
अेवा परमार्थी प्रभुने, हैयुं अर्पण करीअे... ४
आ त्यागी परमात्मा, सौना उपकारी छे,
ऊंचा सन्मानतणा, पूरा अधिकारी छे;
अेना गुणो अपनावी, साचुं तर्पण करीअे... ५

## (३२)

मारुं आयखुं खूटे जे घडीए, त्यारे मारा हृदयमां पधारजो,
छे अरजी तमोने बस एटली, मारा मृत्युने स्वामी सुधारजो... १
जीवननो ना कोइ भरोसो, दोडादोडीना आ युगमां,
अंतरियाळे जइने पडुं जो, ओचिंता मृत्युना मुखमां;
त्यारे मारा स्वजन बनी आवजो, थोडा शब्दो धरमना सुणावजो... २
दर्दो वध्या छे आ दुनियामां, मारे रिबावी रिबावीने,
एवी बिमारी जो मुजने सतावे, छेल्ली पळोमां रडावीने;
त्यारे मारी मददमां पधारजो, पीडा सहेवानी शक्ति वधारजो... ३
जीववुं थोडुं ने जंजाळ झाझी, एवी स्थिति आ संसारनी,
छूटवा दे ना मरती वेळाए, चिंता मने जो परिवारनी;
त्यारे दीवो तमे प्रगटावजो, मारा मोहतिमिरने हटावजो... ४

## (३३)

तारी पासे एवुं शुं?, भगवन् ! दोडी आवुं हुं...
मुजने ए ना समजातुं, हैयुं शाने हरखातुं ?,
तारा दर्शन ज्यां पामुं, शाने मनडुं मलकातुं ?;
तारा रूपमां एवुं शुं ? दोडी दोडी आवुं हुं... १
नींदर मुजने आवे ना, भोजन मुजने भावे ना,
तुजने जो हुं ना भेटुं, शांति मुजने थावे ना;
तारा दिलमां एवुं शुं ? दोडी दोडी आवुं हुं... २
मारी सघळी चिंताओ, घेरा दुःखनी घटनाओ,
तारा वेणे विसराती, वळगेली सौ विपदाओ;
तारा स्वरमां एवुं शुं ? दोडी दोडी आवुं हुं... ३

## (३४)

**भवोभव मळजो तमारुं शरण,** तमारा चरणमां लाखो नमन...

उपकारो स्वामी!, केवा तमारा, गण्या गणाय नहि, आकाशे तारा;
वहेतुं सदा तारा (२) प्रेमनुं झरण... १

करुणाना सागर, तमे छो अमारा, श्रद्धा छे स्वामी! मळशे किनारा;
तारा रे ध्यानमां (२) हो मुज मरण... २

विनंति छे स्वामी! तमने अमारी, जेवा छीअे तेवा, लेजो उगारी;
राहीनी मंझिल (२) हो तुज चरण... ३

## (३५)

**आशरा इस जहाँ का, मिले ना मिले, मुज को तेरा सहारा सदा चाहिए...**

चांद तारे गगन में, खिले ना खिले, मुज को तेरा नजारा सदा चाहिए... १

यहाँ खुशीयाँ है कम, और ज्यादा है गम, जहाँ देखो वहाँ है, भरम ही भरम;
मेरी महेफिलमें शमाँ, जले ना जले, मेरे दिलमें ऊजाला तेरा चाहिए... २

कभी वैराग है, कभी अनुराग है, जहाँ बदलते है, माली वो ही बाग है;
मेरी चाहत की दुनिया, बसे ना बसे, मेरे दिलमें बसेरा तेरा चाहिए... ३

मेरी धीमी है चाल, और पथ है विशाल, हर कदम पर मुसीबत, है अब तो सम्हाल;
पैर मेरे थके ये, चले ना चले, मुजको तेरा इशारा सदा चाहिए... ४

## (३६)

कृपा करो, कृपा करो, कृपा करो रे ...
आदिनाथ दादा ! मोपे कृपा करो रे...
तारी कृपाथी मारा काज सरो रे... १

शत्रुंजयगिरिना सांई सोहामणा, देवाधिदेव ! करो दिलमां पधरामणां;
अंतर पधारी मारुं श्रेय करो रे... २

भोगनी गलीनो हुं भूंडो भिखारी, रूडां हे नाथ ! तारी करुं आज यारी;
शिवपुरना वासी! मने याद करो रे.. ३

तारे ने मारे नाथ! अंतर झाझेरुं, आवो अंतर तो मारा पापो विखेरुं;
पापो विखेरी दिल आवी मळो रे... ४

तारो विरह मारा दिलडाने डंखतो, तेथी तमारुं दर्शन हुं झंखतो;
मोंघेरी झंखनाने पूर्ण करो रे... ५

## (३७)

हे किरतार ! मने आधार तारो, जो जे ना छूटी जाय (२),
हे प्रभु ! तारा प्रेमनो खजानो, जो जे ना खूटी जाय (२)...१

तारो आधार मने आ अवनिमां, आपे प्रकाश ज्योत आ रजनीमां;
श्रद्धाथी बांधी छे गांठो में स्नेहनी, जो जे ना छूटी जाय (२)...२

शक्ति प्रमाणे भक्ति करुं छुं, आ जीवन तुज चरणे धरुं छु ;
प्रेमनो प्यालो पीवा जाउं त्यां, जो जे ना फूटी जाय (२)...३

गाउं छुं हे प्रभु ! गीत तुज प्रीतनां, स्नेहथी भरेला सूरो संगीतना;
लाखना हीराने हाथमांथी कोई, जो जे ना लूंटी जाय (२)...४

(३८)

स्वामी! तारा स्नेहनो मने धरव नथी, प्यास छीपती नथी,
थाय छे के बस घूंट पीधा करुं...हजी...हजी...हजी...
स्नेह तो मळ्यो मने घणानो, पण बधो शरीरना सगानो,
आतमानो एक तुं स्वजन छे, तारो मारो साथ छे सदानो;
भाव जेमां स्वार्थनो लगीर पण नथी, ऐवा आ संबंधनी,
थाय छे के बस गांठ बांध्या करुं... हजी...हजी...हजी... १

सूर्यना किरण वधे घटे छे, मेघराज पण कदी रुठे छे,
धान आपनारी धरती माता, को'कवार धान चोरी ले छे;
रातदिन वहे छे तारा नेहनी नदी, ओटती नथी कदी,
थाय छे के बस डूबकी दीधा करुं... हजी...हजी...हजी... २

तारो स्नेह पापथी बचावे, पुण्यनी प्रवृत्तिओ करावे,
द्वार दुर्गतितणा भीडीने, सद्‌गति भणी सफर करावे;
दीप जे जले छे मुजने मार्ग चींधवा, मंझिले लइ जवा,
थाय छे के बस तेज झील्या करुं... हजी...हजी...हजी... ३

(३९)

एक घडी प्रभु उर एकांते, आवी जो मुजने मळे,
सोनामां सुगंध भळे (२)
खोयुं होय जीवनमां जे जे, पाछुं आवी मळे;
ज्यां ज्यां हार थइ जीवनमां (२) त्यां त्यां जीत मळे... १

न कांइ लेवुं न कांइ देवुं, चिंता ऐनी टळे;
न होय मृत्यु न होय जीवन (२) फेरा जो भवना टळे... २

कर्म कीधां जे होय प्रभु ! ते, सघळा साथे बळे,
मनमोहनो मनमोहनथी (२) मेळो जो ठाकुर मळे... ३

## (४०)

ओ करुणाना करनारा!, तारी करुणानो कोई पार नथी ...
मारा संकटने हरनारा!, तारी करुणानो कोई पार नथी...
में पाप कर्या छे एवा, हुं भूल्यो तारी सेवा;
मारी भूलोना भूलनारा!... १
हुं अंतरमां थइ राजी, खेल्यो छुं अवळी बाजी;
अवळी सवळी करनारा... २
ओ परम कृपाळु व्हाला!, में पीधा विषनां प्याला;
विषने अमृत करनारा... ३
भले छोरुं - कछोरुं थाये, तुं मावितर कहेवाये;
शीळी छायाने देनारा!... ४
छे भक्तनुं जीवन उदासी, तारा चरणे ले अविनाशी;
मारा साचा पालनहारा!... ५

## (४१)

हैयानी...नैयामां...आवोने... हैयानी... नैयामां... आवो खेवैया,
तरावोने भवनो सागर अमे तारा छैया... १
हैयुं सितारीने प्रभु तमे सरगम, सूर रेलाय एना, अर्हं अर्हं;
मुक्तिनी लयना, तमे बजवैया... २
हैयुं आ चातक छे, तमे मेघधारा, भवोभवनी प्यासना, छो बुझवनारा;
तमे जो कृष्ण तो, अमे नरसैयां... ३
आषाढी मेहुला, प्रभुजी! तमे जो, मनडानो मोरलो, टहुको करे तो;
तारे मंदिरीये, नाचु ता थैयां... ४
तमे जो विष्णु तो, अमे नागशय्या, हैया तिजोरीमां, तमे छो रूपैया;
आतम मंदिरना, तमे घडवैया... ५
आत्म कमलनी, लब्धि तमे छो, यशो वीर अजितनुं विक्रम तमे छो;
कर्मोनी होळीना, अमे घेरैया... ६

## (४२)

तारे द्वारे आवीने कोई, खाली हाथे जाय ना, करुणानिधान ... (२)

आ दुनियामां कोई नथी रे, तुज सरिखो दातार,
अपरंपार दया छे तारी, तारा हाथ हजार;
तारी ज्योति पामीने कोई, अंधारे अटवाय ना... १
शरणे आवेलानो साचो, तुं छे रक्षणहार,
डगमगती जीवन नैयानो, तुं छे तारणहार;
तारा पंथे जनारो कदीये, भवरणमां भटकाय ना... २
खूटे नहि कदापि अेवो, तारो प्रेम खजानो,
मुक्तिनो मारग बतलावे,अेवो पंथ मजानो;
तारा शरणे जे कोई आवे, रंक पण रही जाय ना... ३

## (४३)

तारी भक्तिनी केवी असर, मळती मुजने साची डगर,
थावुं छे तुज सम अजरामर, थाक्यो करीने आ भवनी सफर... १
कहो प्रभुजी ! शुं करुं, सहेवाती ना वेदना,
कृपा नजर तारी जो मळे, दूर थाये आ यातना;
मुज पर करजे तुं अमीनजर, भूली शकु ना जीवनभर... २
प्रभु ! तारी छबी तारुं स्मरण, चित्तमां सदा रमतुं रहे,
प्रभु ! तारी याद ने तारुं नाम, सघळुं सदाये गमतुं रहे;
भव अटवीना विघ्नो तुं हर, करुणासागर! करुणा तुं कर... ३
प्रभुजी ! तुजने वंदता, मनडाने शांति थती,
प्रभुजी ! तारी स्पर्शना, आतमानी अनुभूति;
पद्मनंदी पर कृपा तुं कर, तुं छे अमारुं जीवनधन... ४

## (४४)

तारी ज्योतिने में जोइ ज्यारे ज्यारे,
मारे कोठे कोठे प्रगट्या दीवा त्यारे,
प्रभु ! तारां वदननी बलिहारी बलिहारी...
तारी धाराने में झीली ज्यारे ज्यारे,
मारे रोमे रोमे फूल खील्यां त्यारे,
प्रभु ! तारां वचननी बलिहारी बलिहारी... १

तारी कांति जोता जोता, मारी आंखो कदी ना धराये,
तारुं अमृत पीता पीता, मारी गागर कदी ना भराये;
तारो अलबेलो देदार, जाणे जोउं वारंवार,
एेवी तुज दर्शननी बलिहारी बलिहारी... २

मारा खाली खाली मनमां, तारी यादी भरे छे खुशाली,
मारा अंधारा जीवनमां, तारी दीप्ति करे छे दीवाली;
तारुं लेतां प्यारुं नाम, हैयुं पामे छे विश्राम,
एेवी तारां स्मरणनी बलिहारी बलिहारी... ३

तारी भक्ति करतां स्वामी !, लयलीन बनुं हुं सदाये,
एेनी मस्ती एेवी मजानी, आ संसार आखो भुलाये;
ज्यारे लागे तारुं ध्यान, शमे कर्मोना तोफान,
एेवी तुज भक्तिनी बलिहारी बलिहारी... ४

## (४५)

हुं छुं अनाथ मारो झालझो रे हाथ (२)
विनवुं छुं प्रभु पारसनाथ ! ...
हुं छुं प्रवासी नथी कोईनो संगाथ (२)... १

सगां-संबंधी स्नेहीओ सौ, तो ये हुं निराधार,
अेकलवायो आ अवनिमां, तारो छे आधार;
जावुं छे दूर दूर, देजो रे साथ (२)... २

भडभडती आगमांथी नागने उगार्यो, नयनोथी वरसावी नेह,
संसारतापे हुं ये बळुं छुं, उगारो लावीने नेह;
दीनबंधु छो प्रभु!, दीनोना नाथ (२) ... ३

मुक्तिनगरमां जावुं छे मारे, वचमां छे सागर मोटो,
आगळ जाउं त्यां पाछो पडुं छुं, मारग मळीयो खोटो;
तारजो ओ प्रभु!, त्रिभुवनना नाथ (२)... ४

## (४६)

गमे ते स्वरूपे, गमे त्यां बिराजो, प्रभु! मारा वंदन, प्रभु! मारा वंदन...
भले ना निहाळुं, नजरथी तमोने, मळे गुण तमारा,
सफळ मारुं जीवन... १
जनम जे असंख्यां, मळ्यां ते गुमाव्यां, धरम ना कर्यो के ना, तमने संभार्या;
हवे आ जनममां, करुं हुं विनंति, स्वीकारो तमे तो,
तूटे मारा बंधन... २
भर्या आ भूमिमां, छलोछल अंधारा, कदम क्यां उपाडे, जीवो आ बिचारा;
थतो जाय झांखो, प्रतिदिन प्रभुजी!, बताव्यो हतो ते,
तमे पंथ पावन... ३
मने होंश अेवी, उजाळुं जगतने, किरण ना मळे मारा, मनना दीपकने;
तमे तेज आपो, जले अेवी ज्योति, अमरपंथनां सौने,
करावे जे दर्शन... ४

## (४७)

हर दम तमारा हुं गुण गाउं, कीर्तन करुं ने पावन थाउं,
भक्ति केरा रंगे स्वामी ! हुं रंगाउ... १

आंख ज्यां मीचुं त्यां स्वामी !, तमने हुं निहाळुं छुं,
रूडुं रूडुं रूप तमारुं, निरखीने हरखाउं छुं;
दर्शन थतां तो हुं अंजाउं... २

कानमां गूंजे छे स्वामी !, बोल तमारा उपकारी,
सूनां सूनां जीवनमां, जागे छे मीठी झंकारी;
चिंतननी धारामां हुं भींजाउं... ३

श्वास ज्यां लउं त्यां स्वामी !, तमे हृदयमां आवो छो,
बूरी बूरी वासनाओ, त्यांथी दूर करावो छो;
अर्पण तमोने हुं थइ जाउं... ४

## (४८)

बंधन बंधन झंखे मारुं मन, पण आतम झंखे छूटकारो,
मने दहेशत छे आ झघडामां, थइ जाय पूरो ना जन्मारो... १

मधुरां, मीठा ने मनगमतां, पण बंधन अंते बंधन छे,
लइ जाय जनमना चकरावे, अेवुं दु:खदायी आलंबन छे;
हुं लाख मनावुं मनडाने, पण एक ज अेनो उंहकारो... २

अकळायेलो आतम के छे, मने मुक्तभूमिमां भमवा दो,
ना राग रहे ना द्वेष रहे, अेवी कक्षामां मने रमवा दो;
मित्राचारी आ तनडानी, बे चार घडीनो चमकारो... ३

वरसो वीत्यां वीते दिवसो, आ बे शक्तिनां घर्षणमां,
मने शुं मळशे, विष के अमृत?, आ भवसागरनां मंथनमां?;
क्यारे पंखी आ पिंजरानुं, करशे मुक्तिनो टहुकारो?... ४

## (४९)

आ भवना सागरमां, सहारो एक ज मारो तुं,
मझधार फसी नैया, हवे तो एक किनारो तुं...१

मृगजळने में सरोवर मान्युं, बूझी न मननी आग (२),
अन्यतणी उपासना कीधी, ना पूज्या वीतराग (२);
आव्यो तुज चरणोमां, हवे तो तारणहारो तुं...२

मुक्तिमारगनो हुं अभिलाषी, ना कोईनो संगाथ (२),
आकुळ-व्याकुळ मनडुं मारुं, वांछे तारो साथ (२);
अंधकारभर्या पंथे, प्रवासीनो सथवारो तुं...३

तुं निर्मोही सद्‌गुण सागर, हुं अवगुण भंडार (२),
कर्मनां बंधन चूर कर्या ते, हुं राच्यो संसार (२);
अंधारा मुज दिलमां, चमकतो तेज सितारो तुं...४

## (५०)

अेवुं लागे छे आजे मने, प्रभु ! आव्यां छे मारा हृदयमां ...
मित्र मानुं बधां जीवने, भाव जाग्या छे मारा हृदयमां...१

वैरवृत्तिनी ज्वाळा उपर, धारा वरसी रही मेघनी;
कुणा कुणा क्षमा भावना, फुट्या अंकुर मारा हृदयमां...२

ठंडो सुरमो अंजाइ गयो, राता धगधगता लोचनमहीं ;
क्रोध आव्यो तो अेना उपर, प्रेम प्रगट्यो छे मारा हृदयमां... ३

जेनी जागी ती ईर्ष्या मने, अेनी इच्छुं छुं प्रगति हवे,
सुख अेनुं अे माणे भले, बळु शाने हुं मारा हृदयमां...४

करे नुकसान जेओ मने, अे तो केवळ निमित्तो बधा,
भाग भजवे छे मारां करम, साचुं समजायुं मारा हृदयमां...५

## (५१)

मारा  व्हाला प्रभु!, क्यारे मळशो तमे;
मारी आशा पूरी, क्यारे करशो तमे... १

करुणासागर बिरुद छे तमारुं प्रभु!, करुणा करशो अे आशा धरुं हुं प्रभु;
रात-दिवस हुं समरुं प्रभु! तुजने... २

मारी कबूलात छे के पतित हतो हुं, पण पतितोने तारनारो एक ज तुं;
पतित पावन बनी, क्यारे आवशो तमे... ३

तुजने नीरखी शकुं, अेवी दृष्टि तुं दे, तुजने परखी शकुं, अेवी शक्ति तुं दे;
तारी छायानी मायामां रहेवुं गमे... ४

## (५२)

लगनी लागी छे, के अगनी जागी छे,
तारा मिलननी प्रभु !, पळे पळ झंख्या करुं तने... १

घेलुं लाग्युं मुजने, हुं क्यारे तुजने भेटुं ?,
तारा पावन खोळे, बाळक बनीने लेटुं ?;
शमणामां, रोज हुं (२) निरख्या करुं तने... २

हळवा  हळवा  हाले, आ  हैयाना  धबकारा,
घडीअे  घडीअे दिलमां, वागे  तारा  भणकारा;
अंतरना, गोखमां (२) कल्प्या करुं तने... ३

जाय भले जन्मारो,  पण धीरज हुं ना हारुं,
मरवानी वेळाअे, पण तारुं नाम पुकारुं;
जीवुं  हुं ज्यां सुधी, त्यां सुधी, समर्या करुं तने... ४

## (५३)

लागी रे लागी रे लागी रे, मोहे तुमसे लगन लागी...
ऋषभ जिणंद दयाल रे, मोहे लागी लगनवा... १
लागी लगनवा छोडी न छूटे, जब लग घट में हो प्राण रे... २
विमलाचल मंडन दुःख खंडन, मंडन धर्म विशाल रे... ३
विषधर मोर चोर कामीजन, दर्शन कर निहाल रे... ४
हुं अनाथ तुं त्रिभुवन नाथ, कर मोरी संभाळ रे... ५
आतम आनंद कंद के दाता, त्राता परम दयाल रे... ६

## (५४)

ओ पालनहारे ! निर्गुण ओर न्यारे !,
तुमरे बिन हमरा कोणो नाहि... हो दादा !...
हमरी उलझन, सुलझावो भगवन् !,
तुमरे बिन हमरा कोणो नाहि... हो दादा !... १
हम गरीबो के तुम रखवाले, सारे जग के पालनहारे;
जो जग से हारा, तुने ही तारा ... २
मोह माया ने मुझको है घेरा, विषयोने लगाया है डेरा;
कर दो एक नजर, ओ प्यारे जिनवर! ... ३
ओ तारणहारा! अवगुण हरनारा !,
तारा विना बीजुं मारे कोई नथी...हो दादा!... ४
अेवी उलझन, जीवनमां भगवन्!,
तारा विना बीजुं मारे कोई नथी...हो दादा!... ५
मारी नैया हवे तो उगारो, भवसागर लागे बहु खारो;
भव सागर तरनारा!, मुज हैये रहेनारा!... ६

## (५५)

प्यारा आदिनाथ ! ... व्हाला आदिनाथ ! ...
भवसागरथी तारवा काजे, लंबावोने हाथ...

सिद्धगिरिना शिखरे बेठा, दीनदयाळु दाता;
अमे तळेटीओ हेठा बेठा, भक्तिमां भींजाता,
सुणजो मारो साद (२) ...१

आंखेथी आंसुनी धारा वहे ने, हैये भीति भारी;
मात विनाना बालुडा जेवी, दशा थइ छे मारी,
प्रभुजी! हुं अनाथ... (२) ...२

डूबती मारी नैयानो तुं, एक ज साचो बेली;
दादा! आव्यो छुं तारे द्वारे, बीजा देवोने ठेली,
तारजो दीनानाथ ! (२) ...३

सौभागी आदीश्वर! प्यारा, वरसावो अमीधारा;
सिद्धाचलमां सिद्ध बनावो, मारा प्राण आधारा,
एक ज अंतरनाद (२) ...४

लब्धिना भंडार तमे छो, विक्रम तारुं भारी,
यशो वीर ने अजित विनवे, आतम भाव जगाडी,
भवोभव देजो हाथ (२) ...५

## (५६)

रोमे रोमे हुं तारो थतो जाउं छुं, के तारा प्रेममां प्रभुजी ! हुं भींजाउं छुं...

हवे परवडे नहीं रहेवानुं ताराथी दूर; तारे रहेवानुं हैयामां हाजराहजूर,
तारा स्मरणोमां खोवातो जाउं छुं... १

हवे जोडुं ना जगमां हुं नातो कोईथी; मने व्हालो तुं व्हालो तुं व्हालो सहुथी,
तारी नजरोमां नजरातो जाउं छुं... २

हवे शरणुं लीधुं छे तो साथे राखजे; तारा बाळकने चरणोमां स्थान आपजे,
प्रभु ! तारा थकी हुं सोहाउं छुं... ३

## (૫૭)

दुर्गुणने कोई कही आवो,
कही आवो कोई कही आवो...
संदेशो मारो दई आवो, दई आवो कोई दई आवो...
तारे ताबे थावुं नथी, अने दुर्गतिमां मारे जावुं नथी... १

क्रोधने कहेजो लइ आवे हथियार,
ढाल क्षमानी राखी में तैयार;
कोई गाळ दे, अेने प्यार दउं, शक्ति छतां, समता धरुं,
पण क्रोधी मारे थावुं नथी, अने दुर्गतिमां मारे जावुं नथी... २

मानने कहेजो आवे रणमेदान,
नम्र बनीने खेलुं हुं संग्राम ;
मने जे मळ्युं, मारुं नथी, बीजा थकी, लेवुं नथी,
अभिमानी मारे थावुं नथी, अने दुर्गतिमां मारे जावुं नथी... ३

मायाने कहेजो के छोडे अे बाण,
निर्मळ थइने आपुं छुं आह्वान;
सुख ना मळे, भले ना मळे, दुःख ना टळे, भले ना टळे,
पण कपटी मारे थावुं नथी, अने दुर्गतिमां मारे जावुं नथी... ४

लोभने कहेजो तुं सौनो सरदार,
मारे पण संतोषतणो सहकार;
तुं घा करे, तृष्णातणो, हुं साथ लइश, तृप्तितणो...
पण लोभी मारे थावुं नथी, अने दुर्गतिमां मारे जावुं नथी... ५

## (५८)

आनंद अनुकूळतामां, ने खेद प्रतिकूळतामां,
सुख लागे सगवडतामां, मन भागे मनगमतामां,
बंधन तो पापनुं बंधन छे, कर्मोनुं बंधन छे... १

क्यारेक रति थइ जाये, त्यारे हुं भान भूलुं छुं,
विषयोनां उपवनमां, मस्त बनी झूलुं छुं;
मनडांनी नैया मारी, डगमग डगमग थइ जाती,
क्यारेक खुशीथी झूमुं, क्यारेक थती नाराजी... २

चपळ ने चंचळ मारी, इन्द्रियो आंटा मारे,
कोइक लागे सारुं ने, कोइक जरी न सुहावे;
परनो परिवाद करुं छुं, खोटा संवाद करुं छुं,
निजना दोषो संताडी, परदोषनुं गान करुं छुं ... ३

माया तो मारी छाया, थइने संगाथे रहेती,
मृषावाद करीने साचुं, साचुं अे ठेरवती;
आकुळ-व्याकुळ थाउं छुं, दु:खोथी गभराउं छुं,
मनडुं माने ना तो ये, पापोथी वींटळाउं छुं ... ४

## (५९)

तारी दयानो नहि पार, हो दाता! ते तो विसार्या मारा दोषने...
अेवुं जीवन छे मारुं, तारी भक्तिमां मुजने भाव न आवे;
संसारनी जंजाळो, वारे ने वारे अेमां भंग पडावे, अेनी तने ना दरकार रे...१

क्यारेक दु:खने देखी, मारुं अधीरुं मनडुं भांगी पडे छे;
तारा धरमनुं शरणुं, साचुं के खोटुं अेवी शंका करे छे, रोष तने ना तलभार रे...२

मांग्या मळे ना सुखो, त्यारे करुं छुं तारी निंदा जगतमां;
मोटो गुनो छे मारो, तो ये क्षमा छलके छे तारा हृदयमां,
केवो अनेरो तुं उदार रे...३

## (६०)

आभ तूटे ने धरती फाटे, दुनिया छोने रूठे;
दादा! तारो पालव पकड्यो, जीवनभर ना छूटे... १

सुखमां दु:खमां दादा तुं तो, राखे तेवा रहीअे;
मन मूकीने मस्तीघेला, गुणला तारा गाइअे,
दिल छे तारुं दरिया जेवुं, हेत कदी ना खूटे... २

सिद्धाचलना आदिनाथजी!, सांभळो मारी अरजी;
काम अमारुं करवुं के ना, करवुं तारी मरजी,
छोरुं-कछोरुं थाय भले पण, मावतर कदी ना रूठे... ३

प्रभुजी ! तारी जोड जडे ना, कोई ना आवे तोले;
रात-दिवस रमवानुं मारे, दादा तारा खोळे,
तारो मारो अेवो नातो, जो जे ना अे तूटे... ४

## (६१)

खुल्ला मूक्या छे में तो दिलडानां द्वार, प्रभुजी ! आवो ने एक वार...
मारा जीवननी सूनी पगथार, पगलां पाडोने एक वार...

वर्षोथी मीट मांडी वाटडी निहाळुं, शमणानी सोडमां हुं तुजने पुकारुं;
तुजने वीसरी शकुं ना पळवार, प्रभुजी! आवो ने एक वार...१

तारा विना उरना आसनिया खाली, छलकावी दोने नाथ ! करुणानी प्याली;
तुजने समर्या करुं वारंवार, प्रभुजी! आवो ने एक वार...२

अंतरनी आरसीमां रहेजे छबीला, मारा रे अंतरमां तारा ज पगलां;
तारो महिमा छे अपरंपार, प्रभुजी! आवो ने एक वार...३

(६२)

उंचा अंबरथी आवो ने प्रभुजी !,

दर्शन करवाने तरसे आंखडी...मारी आंखडी...

आवो मारा अंतरमां, पधारो मारा प्रभुजी !... १

सूरज-चंदाना में तो, दीवडा प्रगटाव्या,
टमटमता तारलाने, मारगे बिछाव्या;

थयो अधीर हुं तो, जोउं तारी वाटडी... २

आवो तो नयनोमांथी, अमीरस वरसावजो,
कापो ने कर्म अमारा, भक्ति स्वीकारजो;

मुखडुं जोवा हुं तो, नीरखुं छुं वाटडी... ३

(६३)

प्रभु ! मने देजे समाचार, भेटो क्यारे थवानो ?;
रोज रोज आवे विचार, भेटो क्यारे थवानो?... १

नीकळ्यो छुं शोधवा ने, रस्ते अथडाउं छुं;
साचुं सरनामुं प्रभु !, तारुं भूली जाउं छुं,

आडा आवे माया ना तार, भेटो क्यारे थवानो?...२

कृपा करीने ते, मुजने बतावजो;
मायानो पडदो, दूर हटावजो,

मांगु हुं तारो संगाथ, भेटो क्यारे थवानो?...३

सिद्धोनां सुखनी, होंश मुज घट छे;
मीठी नजर तारी, एक मने बस छे,

आपजो मुक्तिनुं स्थान, भेटो क्यारे थवानो?...४

## (६४)

**भगवाननी दयानो, भरपूर छे खजानो;**

खूटे नहि कदापि, तुज प्रीतनो खजानो ... १

लेनार होय अेने, आपे हजार हाथे ;

खाली न जाय कोई, दातार छे अे दानो... २

अेनी नजरमां कोई, ऊंचुं नथी के नीचुं;

सौ अे छे एक सरिखा, मोटो न कोई नानो... ३

देखी शकाय तुजने, दृष्टि नथी अमारी;

घट घटमांही बिराजे, आवीने छानो मानो... ४

दु:खीयानो तुं दिलासो, डूबतानो तुं सहारो;

श्रद्धा भरी छे हैये, आखर तुं तारवानो... ५

## (६५)

**प्रभुजी! तमे याद करो, भूलो मारी माफ करो,**

**फरी फरियाद करो, सेवकनो साद सुणो,**

**विनंति अमारी ध्यान दो जरा...चरणोमां राखो परमातमा ... १**

करुणासागरनुं बिरुद धरता, दु:ख ग्लानि भक्तोनी दूर करता;

थाय सुख घणुं तने याद करता, भूली जाउं दु:ख तुजने स्मरता,

तरसुं हुं तरसुं हु जोवा तुजने... २

पहेला ज्यारे नाना हता साथे रमता, आज प्रभु! केम अळगा रहेता?;

जूना नाता केम तमे भूली गया?, प्रीतनी सगाई केम वीसरी गया?,

आंखो मारी वरसी पडे जोता तुजने... ३

युगोथी छे तारी मारी प्रीतडी प्रभु!, सगाई आ केम तमे वीसरी विभु!;

तारा विना केम मारे जीववुं प्रभु !, वेदनानी वात तने शुं कहुं प्रभु!,

दशा आवी जोवी गमे प्रभु! तुजने... ४

अेवुं इच्छो बाळ तारा झूरता रहे, याद करी तुजने रडता रहे;

पोता साथे कायम अे लडता रहे, शोधवा अे तुजने भटकता रहे,

शोभे नहि आवुं बधु प्रभु! तुजने... ५

## (६६)

हुं प्रभु ! तने ओळखुं, हुं प्रभु ! तुजमां भळुं, **अेवुं दे वरदान;**
कर्मवश भवमां भमुं, पण नहीं तुजने भूलुं... १

भव अनंता तुज विना, प्रभु! माहरा निष्फळ गया,
तारुं दर्शन आज पामी, नयन मुज सफळा थया;
मन थकी तुं ना खसे, स्वप्नमां पण तुं दीसे... २

मार्ग ताहरो छे रूडो, पण लागे मुजने आकरो,
विष समो संसार पण आ, लागे मुजने वाहलो;
तृष्णा माहरी विरमे, तुज विना कशुं ना गमे... ३

पापफळ जाणुं छतां पण, पाप ना छोडी शकुं,
अेवुं दे तुं बळ मने, निज कर्म हुं तोडी शकुं;
तारी आणा शिरधरुं, तारा पंथे संचरु... ४

भवभ्रमणनो थाक लाग्यो, छे खरो मुजने हवे,
तुज सरिखो नाथ पामी, केम हुं भटकुं भवे?;
आत्मगुण किरणो वधे, हीर माहरुं विस्तरे... ५

## (६७)

अर्हं अर्हं (४) **अजब धून अर्हंनी लागी रे ...**
अर्हं अणुअणुमां दोडे, के अर्हं परमाणुमां दोडे,
अे धूने मारो आतम गयो जागी रे... १

अर्हं मारा मनमां बिराजे, के अर्हं सौनां मनमां बिराजे,
अे धूने मारा दुर्गुण गया भागी रे... २

अर्हं हैये हैये गाजे, अर्हं घरघरमां गूंजे रे,
अे धूने मारो अर्हं गयो भागी रे.... ३

अर्हं शिवपुरमां बिराजे, के अेनो महिमा सर्वत्र गाजे,
अे धूने मारो भवभय गयो भागी रे... ४

## (६८)

शब्दमां समाय नहि, अेवो तुं महान,
केम करी गावा मारे, तारां गुणगान?
गजुं नथी मारुं अेवुं, कहे आ जबान... १

हो... फूलडांना बगीचामां, खीले घणा फूलो,
सूंघवा आवेलो पेलो, भ्रमर पडे भूलो;
अेम तारी सुरभि, भुलावे मने भान... २

हो... अंबरमां चमके असंख्य सितारा,
पार कदी पामे नहि, अेने गणनारा;
गुण तारा झाझा, ने थोडुं मारुं ज्ञान... ३

हो... पुरुं तो पूराय नहि, कल्पनाना रंगो,
हारे बधा मारा, मनना तरंगो;
अटकीने उभुं रहे, मारुं अनुमान... ४

## (६९)

तेंरे द्वार पे आया हूं, एक बात सुनानी है ;
वीतरागी तेरी मेरी ये, प्रीत पुराणी है... १

तेंरे दर्शन बिना मेरी, यह अखियाँ प्यासी है,
सूना मेरा जीवन, मन में उदासी है;
भक्ति के सहारे ही, जिंदगानी बितानी है... २

दुनियामें एक तूं ही, मुजको तो प्यारा है,
जीवन की नैया का, एक तूं ही सहारा है ;
मजधारमें है नैया, अब राह बतानी है... ३

तुं नाथ है त्रिभुवन का, और सबका साथी है ,
मैं स्नेह का दीपक हूं, तूं उसकी ज्योति है ;
कर्मो के बंधन से, मुजे मुक्ति दिलानी है... ४

## (७०)

सौ भाव धरीने बोलजो, जय जय पारसनाथ,
कर्मो खपी जाशे बोलजो, जय जय पारसनाथ,
मुक्ति मळी जाशे बोलजो, जय जय पारसनाथ,
नाना-मोटा सहु बोलजो, जय जय पारसनाथ ...१

हुं छुं तारो, तुं छे मारो, अेवो मारो दावो;
भक्ति करता मुक्ति पामुं, अंतरना छे भावो...
मारी मुक्तिना आधार छे... मारा हैया केरा हार छे...
मारा हृदयना धबकारमां... मारा जीवनना व्यवहारमां ...२

तारी मारी प्रीत पुराणी, जनम जनमनो नातो;
आजे तो करवी छे मारे, हैया केरी वातो...
आ सृष्टिना शृंगार छे... आ अवनिना आधार छे...
जे शाताना दातार छे... जे प्राणतणा आधार छे ...३

कलिकाळनो कल्पतरु तुं, तारो महिमा भारी;
तारा चरणे आवे छे आ, लाखो नर ने नारी...
रोमे रोमे जेनो वास छे...आ आतम जेनो दास छे...
मारा हैये जेनी आश छे...श्वासे श्वासे जेनुं नाम छे...
मारा अंतरना आराम छे... जे मुक्तिना एक धाम छे...४

## (७१)

**मंदिर पधारो स्वामी सलूणा,**

तमारा विना नाथ कांई गमे ना... क्यां ये गमे ना...

अंतरनी आंखेथी आंसु वहे छे,
प्रभु मुख जोवा, आ दृष्टि चहे छे;
हवे नाथ झाझुं तलसावशो ना... १

स्मरण जन्म जूना, स्मृतिमांहे आवे,
नयन शोधता तमने प्रभु आर्त भावे;
के मुख परथी दृष्टि हटावी हटे ना... २

हरखाता पलपल, प्रभु तमने जोइ,
हवे दिन विरहना, वीते रोइ रोइ;
वियोगनुं दु:ख आवुं हशे ना... ३

तमे जइ वस्या छो, मुक्तिपुरीमां,
रझळता रह्या अमे, संसारवनमां;
हवे नाथ अंतरथी अळगा थशो मा... ४

प्रभु अमने तारो, उगारो उगारो,
मूकी मस्तके हाथ, पार उतारो;
कृपावंतने झाझुं कहेवुं घटे ना... ५

अंतरनी ज्योति, प्रगटावी जावो,
अमी आतमामां, छलकावी जावो;
क्षमावंतने झाझुं कहेवुं घटे ना... ६

## (७२)

सोनानो मुगट हीरा झगमग थाय,
सिद्धगिरि पर दादा आदीश्वर सोहाय...
प्रभुजी ! हो राज मारा दादाजी!, हो राज,
सेवकनी सामुं जुओ गरीब निवाझ !... १

रोता मेली माताजीने, लीधो संयमभार;
पण ते तो पहेला गया, जोवा शिवनार... २

जगतना जीवो माटे, खोल्या मुक्तिद्वार;
उपदेश आपी कीधो, मोटो उपकार... ३

सो-सो पुत्रने मरूदेवी, माता परिवार;
आपे तार्या तो अमने, तारता शी वार... ४

पोताना ने पारकानो, करे ना विचार;
सरखा सौने जाणीने, तारे ते वीतराग... ५

मोटुं तीरथ सिद्धगिरि ने, मोटा तुमे देव;
भाग्ये पाम्यो भवोभव, मांगु तुम सेव... ६

## (७३)

जब कोई नहि आता, मेरे दादा आते है,
मेरे दु:ख के दिनो में वो, बडे काम आते हैं;
संकट के समयमें वो, मुझे साथ देते है ...
दादा ! मेरे दादा! मेरे दादा ! हो दादा !
नाता तेरा मेरा, है जन्मो का नाता... १

मेरी नैया चलती हे, पतवार नहि चलती,
किसी और की अब मुझको, दरकार नहि होती;
मैं डरता नहीं जगसे, दादा साथ होते है... २

ये इतने बडे होकर, दु:खीयो से प्यार करे,
भक्तो की विनंति को, पलमें स्वीकार करे;
हम सेवक का कहना, ये मान जाते है... ३

## (७४)

समताथी दर्द सहु, प्रभु ! अेवुं बळ देजो,
मारी विनंति मानीने, मने आटलुं फळ देजो... १

कोई भवमां बांधेला, मारा कर्मो जाग्या छे,
कायाना दर्द रूपे, मने पीडवा लाग्या छे;
आ ज्ञान रहे ताजुं, अेवुं सिंचनजळ देजो... २

दर्दोनी आ पीडा, रोवाथी मटशे नहि,
कल्पांत करुं तो पण, आ दु:ख तो घटशे नहि;
दुर्ध्यान नथी करवुं, अेवुं निश्चय बळ देजो ... ३

आ काया अटकी छे, नथी थाता तुज दर्शन,
ना जइ शकुं सुणवाने, गुरुनी वाणी पावन;
जिनमंदिर (उपाश्रये) जावानुं, फरीने अंजळ देजो ... ४

नथी थाती धर्मक्रिया, अेनो रंज घणो मनमां,
दिलडुं तो दोडे छे, पण शक्ति नथी तनमां;
मारी होंश पूरी थाये, अेवो शुभ अवसर देजो ... ५

छोने आ दर्द वधे, हुं मोत नहि मांगुं,
वळी छेल्ला श्वास सुधी, हुं धर्म नहि त्यागुं;
रहे भाव समाधिनो, अेवी अंतिम पळ देजो ... ६

## (७५)

हुं सुखनो रागी छुं, तुं सुखनो त्यागी छे, तुं वीतरागी छे,
तुं क्यां ? हुं क्या ? (२)
हुं अज्ञानी छुं, तुं केवळज्ञानी छे, अंतर्यामी छे... १
हुं जनम्यो छुं अे धरतीमां,
तुं जनम्यो तो जे धरतीमां, ने पहोंच्यो मुक्तिमां,
हुं तो लटकुं छुं, भवमां भटकुं छुं, तुं शिवधामी छे... २
पाम्यो हुं पण अेवां साधन,
जे साधनने साथ लइने, जीत्यो तुं समरांगण,
हुं तो थथरुं छुं, लडतां फफडुं छुं, तुं सेनानी छे... ३
मारो अेवो तारो आत्मा,
ज्योति अेनी प्रगटावीने, कीधो तें परमात्मा,
हुं तो अेदी छुं, मननो केदी छुं, तुं तो स्वामी छे... ४

## (७६)

प्रभु ! तमारा पगले पगले, पा पा पगली मांडी छे;
हवे तो अक्षर पाडो जिनवर! मारी कोरी पाटी छे ... १
बालक छुं हुं मने खबर क्यां?, शुं छे साचुं जीवन,
पडी जाउं ना क्यांये प्रभु !, करुं हुं संजीवन;
सिंचन करजो मारा घटमां, मारी सूकी माटी छे... २
बालक पकडे मानी आंगळी, अमे झालशुं तमने,
वर्षाराणी भरे सरोवर, तेम भरी द्यो अमने;
हवे अमारी हथेलीओमां, मिलनी रेखा आंकी छे ... ३

## (७७)

**मारा हृदय सिंहासन पर, प्रभु ! तुज बिराजे छे,**
**मने हरक्षण अेवुं लागे, के तुं मारी ज पासे छे ...**

भले आवे समय कपरो, हुं मोत नहीं मांगुं,
जीवननो आ जंग भले, अेमां हार नहीं मानुं;
तुं माहरो सारथि छे, हुं तारे इशारे छुं,
हवे हारुं हुं तो शाने? तुं जो मारे ज माथे छे... मने हरक्षण...१

ते जे जे कह्युं करवा, आ भवमां ज करवुं छे,
तारी आज्ञा पाळीने, भवपार उतरवुं छे;
तुं मारो खेवैयो छे, हुं तारे सहारे छुं,
हवे डूबवुं मारे शाने ?, तुं जो मारी ज साथे छे... मने हरक्षण ...२

तारा पंथे विचरवामां, हुं सत्त्व नहीं हारुं,
भले आवे कसोटी लाख, हुं हार नहीं मानुं;
मुक्तिनो प्रवासी हुं, तुं मारो सुकानी छे,
हवे भूलो पडुं शाने ?, तुं जो मारी समीपे छे... मने हरक्षण ...३

कुदरत जे करावे ते, मने मंजुर छे सघळुं,
भले आवे प्रतिकूळता, हुं लइश बधुं सवळुं;
मने शासन मळ्युं तारुं, हुं सदा तारो ऋणी छुं,
हवे डरवुं मारे शाने? तुं जो मारी ज पडखे छे... मने हरक्षण ...४

(७८)

वरसे भले वादळीने वायु भले वाय,
दादा! तारो दीवडो, कदीये ना बुझाय ...१

आवे भले ने आंधी तोफानो,
भले ने झंझावात झिंकाय ...२

दरियामां उछळे मोझा तोफानी,
पर्वत शिलाओ गबडी जाय ...३

अेने बुझववा आवे असुरो,
अे पण हारीने चाल्या जाय ...४

आवे भले ने राहु ने केतु,
अेनो प्रभाव पण पाणी पाणी थाय ...५

अलबेला आदिनाथ डुंगरे बिराजे,
यात्रा करवाने सहु दोडी दोडी जाय ...६

(७९)

तुज नाम लेवुं मुजने नित्य गमे छे,
हैये रमे छे तुं मारा हैये रमे छे...१

सिद्धाचलना स्वामी सोहामणा, देवाधिदेव! करो दिलमां पधरामणां,
डुंगर तारो चढता दादा !, भवोभवना पापो जाता;
तारुं नाम सदा मारा हैये वसे छे,
हैये वसे छे तुं मारा हैये वसे छे ...२

करुणा सागर दीनदयाळुं, पतित पावन प्रभु! मुखडुं तारुं,
तारा गुणला गाता गाता, हैया अमारा भीनां थातां;
तारी कृपाथी मारा पाप खपे छे,
पाप खपे छे हो मारा पाप खपे छे...३

## (८०)

दर्शन देजो नाथ! (२) भक्तो तारा तने पोकारे, दर्शन देजो नाथ...

अंतरनी तमे आशा पूरजो, दु:खडा सौना हरजो;
दीनदयाळु दादा! मारा, रक्षा सौनी करजो,
भूलुं ना तने नाथ... छूटे ना तारो साथ... १

प्रभु! तारा चरणोमां हुं, मांगु तारी सेवा;
शंखेश्वरना पार्श्व प्रभुजी!, हो देवाधिदेवा,
लइअे तारुं नाम, धरीअे तारुं ध्यान... २

अमी भरेली आंखडी तारी, वरसे अमृतधारा;
कृपानिधि! करुणासागर!, जगना पालनहारा,
देजो मोक्षनुं धाम, हैये पूरजो हाम... ३

## (८१)

दर्शन दो एकवार (२) आव्यो तमारे द्वार प्रभुजी! , दर्शन दो एकवार...

नाथनिरंजन! परदु:खभंजन!, तमे छो अंतर्यामी;
भावभरेली भक्ति मारी, शुं छे बोलो खामी?,
विनवुं वारंवार (२) ...१

चंदनथी पण शीतल लागे, अमृत जेवी वाणी;
पत्थर जेवा हैया सौनां, थातां पाणी पाणी,
सहुना तारणहार (२) ...२

चार गतिना फेरा फरीने, आव्यो हुं तारे द्वारे;
कृपा करी मने तारो स्वामी!, सार नहीं संसारे,
जावुं छे भवने पार (२) ...३

## (८२)

तुं मने भगवान एक वरदान आपी दे,
ज्यां वसे छे तुं मने त्यां स्थान आपी दे...

हुं जीवुं छुं अे जगतमां, ज्यां नथी जीवन,
जिंदगीनुं नाम छे बस, बोज ने बंधन;
आखरी अवतारनुं मंडाण बांधी दे... १

आ भूमिमां खूब गाजे, पापना पडघम,
बेसूरी थइ जाय, मारी पुण्यनी सरगम;
दिलरूबाना तारनुं भंगाण सांधी दे... २

जोम तनमां ज्यां लगी छे, सौ करे शोषण,
जोम जातां कोई अहींया, ना करे पोषण;
मतलबी संसारनुं जोडाण कापी दे... ३

## (८३)

प्रेमनां बंधन जो जे तूटी जाय ना...
अधवचमां मारी नैया, डूबी जाय ना (५) हो जिनवरा! ...

घडीये घडीये वीर! तारुं, नाम हुं लउं,
तारा काजे आखी आखी, रात हुं रोउं,
तारा विना मारुं जीवन जीवाय ना...! अधवचमां...१

हर धडकन, हर श्वासमां, तमने हुं स्मरुं,
मारी आंखोमां हंमेशा, तमने हुं नीरखुं;
तारा विना महावीर! हवे रहेवाय ना ...! अधवचमां...२

त्रिशलामातानो तुं तो लाडकवायो वीर,
सिद्धारथ राजानो तुं तो प्राण प्यारो वीर;
यशोदाने तारा वगर रहेवाय ना ...! अधवचमां...२

## (८४)

तारजे डूबाडजे, जीवाडजे के मारजे,
तारजे के मारजे, तरछोडजे स्वीकारजे;
सघळुं तने सोंपी दीधुं, **पारसनाथ भगवान ! रे ...**

सेवा तारी आपजे के, दूर तुजथी राखजे;
स्मरण तारुं आपजे के, मायामां लपटावजे ... १

सत्संग कोईनो आपजे के, दु:संगमां तुं राखजे;
दर्शन तारा आपजे के, रखडतो तुं राखजे... २

सघळुं तारुं राखजे, एक वात मारी मानजे;
सद्गुरुनां चरणोमां, आ बाळने तुं राखजे... ३

## (८५)

**प्रभु ! तारुं गीत मारे गावुं छे...** प्रेमनुं अमृत पावुं छे ...
थाय जीवनमां तडका ने छाया, मांगु हुं तारी एक ज माया;
भक्तिना रसमां नहावुं छे... १

भव सागरमां नाव झुकावी, त्यां तो भयानक आंधी चडी आवी;
सामे किनारे मारे जावुं छे... २

तुं वीतरागी हुं अनुरागी, तारां जीवननी रट मने लागी;
प्रभु ! तारा जेवुं मारे थावुं छे ... ३

## (८६)

प्रभु! मारो हाथ झाली लेने, साथ तारो देने,
पड्या करुं छुं... पड्या करुं छुं...
तुं तो चड्यो खूब ऊंचे ऊंचे, हुं तो नीचे नीचे,
गबड्या करुं छुं... गबड्या करुं छुं.... १
पर्वत परथी पत्थर गबडे, एवुं जीवन मारुं (२),
क्यारे अटकुं क्यां जइने हुं, कोइ नथी कहेनारुं (२);
निशदिन दुर्गतिना केडे, हुं तो अतिवेगे,
दोड्या करुं छुं.... दोड्या करुं छुं... २
पडनारा ने जलदी पाडे, आ डुंगरना चीला (२),
ऊंचे चढता साथ मळे ना, जगनी एवी लीला (२);
नथी कोइ टेको लउं जेनो, ख्याल करी एनो,
रड्या करुं छुं... रड्या करुं छुं... ३

## (८७)

मननो मोरलीयो रटे तारुं नाम,
मारे मंदिरीये पधारो मारा नाथ !,
एकवार आवी पूरो हैया केरी हाम,
मारे आंगणीअे पधारो पारसनाथ! ...१
सूरज उगे ने मारी, उगती रे आशा,
सांज पडे ने त्यां तो, थाय निराशा;
रात-दिवस मने, सूझे नहि कांई,
मारे मंदिरीये पधारो पारसनाथ! ...२
आंखलडीअे मने, ओछुं देखाय छे,
दर्शन विना मारुं, दिलडुं दुभाय छे;
नहि रे आवो तो व्हाला !, जाशे मारा प्राण,
मारे मंदिरीये पधारो पारसनाथ! ...३

## (८८)

तमारा प्रभुजी ! दर्शन थयाने,
हृदयने अनोखी असर थइ गई छे,
अमीथी भरेली दृष्टि निहाळी,
मारी नजर तो स्थिर थइ गई छे... १

तमारी ज प्रीतमां पागल बन्यो छुं,
दर्शननी खातर घणो थनगन्यो छुं;
तमारा ज रंगे रंगी छे काया,
भक्तिरसे तर-ब-तर थइ गई छे... २

जादु भरेली छे आपनी वाणी,
सर्व जीवोने छे जगकल्याणी;
भले युग ने युग वीत्या छतांये,
वाणी अजर ने अमर थइ गई छे... ३

मारी तमारी आ केवी सगाई,
कापी शक्यो छुं ना वसमी जुदाई;
भक्तिमां मुजथी जाणे अजाणे,
भावोनी कोइ कसर थइ गई छे... ४

## (८९)

नागेश्वर पार्श्वनाथ!, सुणजो सुखदाय,
मारो आ आतम, पापी रे कहेवाय;
तारो... प्रभु ! मने तारो... १

हुं अने मारुं करवामां, समय गुमाव्यो,
कर्मोना खेलने अे, समज न पायो;
मारुं तारुं करे, कलह न अे छोडे,
पापोथी ना डरे, झघडा बहु करे... २

अनंतकाळथी भवयोनिमां, भमतो आयो,
पुण्योदयथी मोंघेरो मानवभव पायो;
रहे ना प्रेमथी, स्नेही स्वजनो साथ,
आपे अे सौने, जूठा जूठा आळ... ३

विषयोनां बंधनमां, अे बंधायो,
कषायनी कालिमामां, अे सपडायो;
जीते ना सौना मन, मीठी करे ना वात,
चाडी चुगली करे, करे वळी पंचात... ४

## (९०)

भान भुलावे, शान भुलावे,

पाप करावे कोडी, कर्म करावे कोडी ...
सावधान तुं राखजे, बूरी राग-द्वेषनी जोडी ...
प्रभुजी ! हो... प्रभुजी !... १

कोई कहे सतावे मुझने राग घणो, कोई कहे सतावे मुझने द्वेष घणो;
शुं राग करुं ? शुं द्वेष करुं ?, शाने कर्मोनो बंध करुं ?,
सावधान तुं राखजे, बूरी राग-द्वेषनी जोडी... २

मोहरायना बे मोटा छे संतानो, राग-केसरी द्वेष - गजेन्द्र छे नामो;
पापोना बे पडछाया रे, न करुं अेनी माया रे,
सावधान तुं राखजे, बूरी राग-द्वेषनी जोडी... ३

## (९१)

फूल नहि तो पांखडी प्रभु!, तारा चरणे धरवी;
जनम - जनमनी तन-मन-धननी, मोहवासना हरवी ...१

तारी दयाथी मळ्युं जे मुजने, अे छे सघळुं तारुं;
स्वार्थ अने अभिमान थकी हुं, करतो मारुं मारुं;
आ जगनी सौ माया-ममता, तारा चरणे धरवी ...२

नरक निगोदना महादु:खोथी, ते प्रभु! अमने तार्या,
क्षण क्षण समरे तुं प्रभु! अमने, अमे भलेने विसार्या;
ऋण अनंतुं छे प्रभु! ताहरुं, शानी याचना करवी ? ...३

आ संसारे सुख मेळववा, पापनुं पाणी वलोव्युं,
स्वामी! तारी भक्ति जेवुं, सुख क्यांय ना जोयुं;
भक्तहृदय हुं करुं समर्पण, तारे करुणा करवी ...४

(९२)

क्यां सुधी याद करुं हुं तमने, क्यां सुधी आंसु वहावुं?;
आवी मुजने मळो प्रभु!, हवे ना तडपावो...
हवे ना तडपावो... हवे ना तडपावो... १

आ संसारे एक भरोसो, छे मुजने प्रभु! तारो,
तारो ना जो मुजने प्रभु! तो, क्यांथी आवे आरो;
मुज हैयानी एक विनंति, दिलमां तमे अवधारो,
सेवक छुं हुं तारो मुजने, भवजल पार उतारो,
बाळ बनी पोकारुं तमने, मात बनीने आवो... २

करुणानो महासागर तुं छे, बुंद मने पण देजे,
अनुरागी बनुं हु तारो प्रभुजी!, अेवी भक्ति देजे;
दु:खथी हारी ना हुं जाउं, अेवी शक्ति देजे,
सघळा बंधनोथी मुजने, मुक्त करी तुं देजे,
जनम जनमनो प्यासी हुं छुं, प्यास बुझववा आवो... ३

निश्चलने निर्मल श्रद्धा तुं, मारा ह्रदये भरजे,
निर्मलतानो स्वामी छे तुं, मुजने निर्मल करजे;
तारा मारगथी भटकुं तो, तारक मारो बनजे,
जीवननी प्रत्येक पळे तुं, मारी साथे रहेजे,
अरजी मारी मानो प्रभुजी!, जल्दी जल्दी आवो...४

## (९३)

पार्श्वप्रभुनी भक्ति प्यारी प्यारी लागे रे...
मारा प्रभुनी भक्ति प्यारी प्यारी लागे रे...१
भवसागर छे भारी, मने तरता न फावे;
तरवानी घणी होंश मुजने, कोण उगारे हवे ?...
दादा! तारी भक्ति तारणहारी लागे रे... मारा प्रभुनी...२
साचा सुखने चाहुं पण, मने मारग कोण देखाडे ?;
आंगळी मारी पकडी मुजने, मुक्ति पंथ बतावे...
तारी भक्ति कर्मोने हरनारी लागे रे... मारा प्रभुनी...३
मोक्षनगरमां जावाने, हवे मन मारुं लोभायुं;
तारा चरणे वसवा काजे, दिल मारुं ललचायुं...
प्रभुजी! तारी मूर्ति कामणगारी लागे रे...मारा प्रभुनी...४

## (९४)

भक्तिनी गाडी आवी रे... ओ ! हालो हालो,
मुक्तिनी गाडी आवी रे... ओ! हालो हालो...१
स्तवनोनी पटरी पर चाले मारी गाडी,
गीतोनी मोज लावी रे... ओ! हालो हालो...२
शब्दोना पग पर चाले मारी गाडी,
दादाने शोधती रे... ओ! हालो हालो...३
धर्मधाम तीर्थे आवी मारी गाडी,
दीठा में तो दादा व्हाला रे... ओ! हालो हालो...४
नाम दादानुं लेती अे तो आवे, पापोथी पाछा वाळे रे... ओ! हालो हालो...
कर्मोथी पाछा वाळे रे... ओ! हालो हालो...५
भक्ति विना अेने कांइ ना गमे,
मोक्ष अपावती रे... ओ! हालो हालो...६
प्रभुजीने जोइ जोइ अे तो हरखती,
दादा केवा दीपे रुडां रे... ओ! हालो हालो...७

## (९५)

रजा आपो हवे दादा ! अमारी वात थइ पूरी (२)...
अधूरी वात छे तो ये, आ मुलाकात थइ पूरी ... अमारी... १

कर्या कामण तमे एवा, अमे तारा बनी बेठा,
तमारी प्रीतना घायल, अमे घेला बनी बेठा;
तमे आधार थइ बेठा, अमे लाचार थइ बेठा... अमारी... २

तमे सरिता तणी लहेरो, तमे सागर घणो गहेरो,
तमारी स्मितना पुष्पो, अमे झाकळभीनो चहेरो;
तमारा मुखने जोयुं, हवे फरियाद थइ पूरी... अमारी... ३

स्मरण तारुं हंमेशा दे, मरण टाळे समाधि दे,
रहे निर्लेपता सुखमां, अने दु:खमां दिलासो दे;
फक्त जो आटलुं आपो, अमारी मांग थइ पूरी...अमारी... ४

उदय विनवे छे कर जोडी, फरी आवीश हुं दोडी,
झुकावी आंखने अमथी, रजा आपो हवे थोडी;
जवानुं मन नथी थातुं, अमारी आज मजबूरी...अमारी... ५

## (९६)

अरिहंत बनावे, वळी सिद्ध बनावे;
प्रभुजी! तारी भक्ति, सिद्धशिलाअे लइ जावे... १

मननी मारी वीणामां, तमे पूरो एवा सूरो,
तारी भक्ति करता थाये, कठिन कर्मनो चूरो;
दुर्गुणोने जलावे, सदगुणो प्रगटावे... २

भक्तिमां जो थाये भूल तो, ले तुं अेने सुधारी,
तारी कृपा थाय पछी शुं, कर्मो करे खुवारी;
बंधनथी छोडावे, मुक्ति पद अपावे... ३

तारी प्रीति भक्तिथी जो, लागी जाये ध्यान,
ध्याननी धारा आपशे मुजने, अंते केवलज्ञान;
अेवी श्रद्धा जगावे, बोधिबीज रोपावे... ४

## (९७)

जनमो गुमाव्या तारी वाटडी जोता जोता,
आज मारी आंखो पावन थाय छे, दादा! तुजने जोता... १

पृथ्वी-पाणी-अग्नि-वायुमां, नाथ! में तुजने न जोयो,
निगोद ने वनस्पतिमां, काळ अनंतो खोयो;
थया दर्शन नहि तारा, नहि आंखे अजवाळा,
पाप खपे केम मारा?, नहि भवना कोइ आरा...
कृपा थइ...तारी, उघड्यां भाग्यना द्वारा... २

तिर्यंच थइने समवसरणे, केटलाये तरी जाता,
पण आ भारे पशुगतिमां, मारे दु:खना खाता;
चारापाणी माटे दोडे, जीव चढ्यो चगडोळे,
मळे दर्शन पण ते छोडे, जीवन आखुं रगदोळे...
कृपा थइ...तारी, उघड्यां भाग्यना द्वारा... ३

देवगतिमां सुखवैभवमां, विषयासंगी थातो,
नरकगतिमां दु:खना डुंगर, नीचे हुं चगदातो;
सुखदु:खना चकरावा, भाव जागे नहि अेवा;
सुझे दर्शन नहि तारा, क्यांथी मळे भवकिनारा...
कृपा थइ...तारी, उघड्यां भाग्यना द्वारा...४

ते तो दीधुं मानवतनने, दीधी कुल खानदानी,
आजे स्पर्श्यो तुज चरणोने, वात रही तरवानी;
दीधुं संयम निष्पाप, लागी भव्यत्वनी छाप,
मोहने में दीधी थाप, मोक्षे लइ जाओने आप...
कृपा थइ...तारी, उघड्यां भाग्यना द्वारा...५

(९८)

सामुं जुओने, मारी सामुं जुओने, एकवार नेम मारी सामुं जुओने...
करुणादृष्टिथी मारी सामुं जुओने, अमीदृष्टिथी मारी सामुं जुओने... १

निगोदना दिवसो मने याद ज आवता, तुं अने हुं रह्या एक ज धाममां,
अनादिकाळथी दु:खोने सहता, आ चोराशी लाख योनिमां भमता;
भवोभव सुधी साथे रह्या, आजे मने केम छोडी गया?,
तारा विना दादा ! मने कोइ पूछे ना, मारी अखियोंना आंसु कोइ लूंछे ना... २

संसार असार छे मोक्ष ज सार छे, मारा जीवननो तुं एक आधार छे,
मोहमायाना झूले हुं झुलीयो, राग ने द्वेष थकी भवोभव भमीयो;
हसता हसता कर्मो में बांध्या, आत्मामां कर्मोना ढगला भर्या,
रोता रोता आजे मारा कर्मो छूटे ना, दु:खना डुंगर मारा आजे तूटे ना... ३

छेल्ली विनंति मारी दादा! तुं सुणजे, अंत समये मुजने तुं मळजे,
पीडा ज्यारे मारी रगरगमां व्यापे, तारां दर्शनथी शाता तुं आपजे;
जंजाळ जगनी छोडी गइ, मने तारा ध्यानमां स्थिर करी,
समाधि मरण मळे एवुं हुं मांगु, भवोभवना फेरा टले एवुं हुं मागुं... ४

## (९९)

कहोने क्यारे मळशुं नाथ ! कहोने क्यारे ? (२)
कहोने क्यारे (२) नाथ! कहोने... नाथ ! कहोने क्यारे मळशुं...
शिवपुरनी टोचेथी देखो, अमे प्रभु टळवळशुं... १

नथी भूल्या अमे तमने व्हाला!, भूल्या अमारी जातने व्हाला!;
तुजथी छेटा रहीने अमे अग्निमां परजळशुं...२

आम तेम अमे भटक्या करीओ, तारा चरणे वळग्या करीओ;
बोलोने स्वामी एकबीजामां अमे क्यारे ओगळशुं...३

साचुं कहीओ वालम तमने, मळवानुं मन थाय छे अमने;
अमे वियोगी छीओ तमे मळशो तो रणझणशुं...४

तमारा मननी वातो अमे, अमारा दिलनी वातो तमे,
उदय कहे ओकबीजाने हवे कदी सांभळशुं...५

## (१००)

नेमजीना नामनी तुं धून रटी ले, नेमीनां चरणोमां बेडो पार करी ले ...
शरणे जाय ओने प्रभु राह बतावे, जपे नेम ओने मोह केम सतावे?;
राजुलना नाथनुं तुं नाम रटी ले ...१

ध्यान धरे ओने प्रभु ज्ञान अपावे, जाप जपे ओनां प्रभु पाप खपावे;
हितकारी नेमीने प्रणाम करी ले...२

कृपा थाय प्रभुनी तो दोष दूर थाय,बंधनो जे रागना ओ चूर चूर थाय;
नेमी भजी संसार तमाम त्यजी ले...३

## (१०१)

मळवुं छे नाथ ! नथी कोई संगाथ, तमे आधार प्रभु! झालोने हाथ...
कर्मो करेला मुजने नडे छे, नयनेथी दर्दभर्या आंसु पडे छे;
तमारा विण कोण, सुणे मुज वात... १

भवमां भटकतो हुं छुं भिखारी, आणा प्रभुजी! में तो तारी विसारी;
क्यां जइ रहेवुं, मारे दिन-रात... २

राग-द्वेषने पाश हुं पडियो, लाख चोराशी योनिमां भमियो;
करवो तमारी साथे निवास... ३

तमे वीतरागी, हुं अनुरागी, लगनी तमारा जीवननी लागी;
चाहुं तमारो, प्रभुजी! हुं साथ... ४

## (१०२)

दोषथी हर्यो भर्यो छुं छतां हो दादा!, तुजने मळवानी घणी आश छे...
हाथ झाली मुजने उगारजो हो दादा!, तारा संगाथनी तलाश छे ...१

स्मरणमां तारुं नाम छे, नेत्रोमां तारुं ध्यान छे,
मुज श्वासोनी सरगममां, प्रभु! तारुं ज गान छे;
निर्मलतानां स्पर्श मुजने थाय जो हो दादा!,
मानुं के तुं मुजने फल्यो आज रे... २

वस्यो तुं भक्तनी भक्तिमां, वस्यो साधकनी शक्तिमां,
लाज राखो हवे मारी, रहीने हर पळ स्मृतिमां;
तारो मानी बाळने संभाळजो हो दादा!,
यादोमां वितावुं दिन-रात रे... ३

## (१०३)

आपत्तिओ आवे भले, विघ्नो हजार सतावे भले;
एक ज छे झंखना, अनहद आराधना, साधु हुं साधना ... १

सुख सफळता जे जे मळे, तेनो यश हुं तमने दउं,
दु:ख मळे तेने मारा करम, समजीने हैये लगावी दउं;
चाहुं जनमोजनम, भक्ति तारी परम, साचो तारो धरम ... २

मृत्यु क्षणे तुं संगे रहे, तारी कृपाथी समाधि मळे,
अंतिम श्वासे तारा थकी, तन-मन केरी अशाता टळे;
मांगु आनंदघन, पामुं साधुजीवन, साचुं तारुं शरण ... ३

## (१०४)

रात दिवस उपकारो तारा, याद बहु आवे;
राते चमकता लाख सितारा, याद बहु आवे...१
ते तो माफ करी ने मारो, सहज स्वीकार कर्यो छे;
पण मुजने अपराधो मारा, याद बहु आवे... २

मारी नानकडी दुनियामां, पगला ते पाड्या छे;
तारी आ करुणानी धारा, याद बहु आवे... ३

तारी यादमां खूब रड्यो छुं, त्यारे तुं मळ्यो छे;
को'क दिवस अे आंसु खारा, याद बहु आवे... ४

## (१०५)

हे उपकारी! कृपा वरसावो,
सिद्धशिलाअे मने तेडावो, राह जोउं (२),
प्रभु ! आवशे ने लइ जाशे ...
जन्मोनी प्रीति मारी आंखो बोले, आंसुओना सागर छलके,
युग युगना स्वामी तमे हैयुं बोले, प्रीतमां मारुं मनडुं डोले;
हैयुं मारुं हवे नहि वशमां (२)
ओ भगवंत! मने पासे बोलावो ... १

तारा विनानुं जीवतर लागे सूनुं सूनुं, हैयुं मारुं रुदन भीनुं,
प्रभु नथी तो कोई नथी रे आ जीवनमां, तारी साथे मन जोडाणुं,
तारी प्रीति एक ज साची, ओ भगवंत! मारा भाव प्रगटावो... २

तारो मारग लागे मने प्यारो प्यारो, आपो मने वेश तमारो,
पाप नथी रे करवा मारे आ जीवनमां, साधना केरा भाव प्रगटावो;
साचो मारग छे आ जगमां, मळजो मने आ भवमां,
ओ वीतरागी! राग तोडावो, वैरागीना भाव प्रगटावो... ३

## (१०६)

नथी जाणतो हुं तारी भक्तिनी रीत रे,
तारी साथे बांधवी छे प्रभु ! मारे प्रीत रे,
भलेने आ दुनिया आखी थाय विपरीत रे... १
तारी ने मारी वच्चे, अंतर छे झाझुं, कयां तांतणे प्रभु! हुं तने बांधु;
तने पामवाने कयुं गाउं गीत रे... २
नथी मांगतो हुं हीरा के मोती; आपे तो आपजे तारी प्रेम ज्योति;
तारा स्मरणनुं संगीत गुंजे नीतनीत रे... ३
नथी जाणतो हुं,तने शुं गमे छे, छतां नम्र थइने मारुं,मस्तक नमे छे;
मन मारुं जोतां तुजने, थाय पुलकित रे... ४

## (१०७)

**दोषथी हर्यो भर्यो छुं छतां हो दादा!, तुजने मळवानी घणी आश छे...**

हुं भले नीरखी शकु ना तने हो दादा!,
तुं परंतु मारी आसपास छे ...१

भले तुं कोयलना गाने, भले कोई ग्रंथना पाने,
मने तुं आवीने मलजे, हो दादा! कोई पण बहाने;
जल बधा में पी लीधा आ विश्वना हो दादा!,
तुजने पीवानी हजी प्यास छे ...२

वस्यो तुं धरती गगनमां, वस्यो तुं सुंदर मधुवनमां,
वस्यो तुं माँ ने संतमां, छतां शांति नथी मनमां;
दृष्टि गोचर था हवे आ विश्वमां हो दादा!,
तुज विना अहीं सहु निराश छे ...३

हुं ने मारुं ने मारामां, ए ज वातो मने गमे,
बीजाना गुण तणी सरगम, हृदयमां खूब रे दमे;
हुं तणा समुद्रमां डूबी गयो हो दादा!,
तारी पासे आवी एक लाश छे ...४

## (१०८)

**शाश्वता सुखो, आपोने जिनवर!, संसारबंधन, टाळोने जिनवर !,**

पापभर जगथी, छोडावो जिनवर!, सिद्धशिलाअे, लइ जावो जिनवर!...१

मनमां समाधि, संतोष समता, दिलमां न मोह, माया न ममता;
अंत:करण आ, तमने स्मरे छे, नयनो अमारा, तुज पर ठरे छे,
आशा घणी छे, अमने तुज पर...२

दोषोने छोडुं, कर्मोने तोडुं, भक्तिमां तारी, तन-मन हुं जोडुं;
तुज आज्ञामय, जीवन बनावुं, दु:खोना डरने, वश हुं न थाउं,
करजो करुणा, प्रभुजी! मुज पर...३

## (१०९)

हृदयमंदिरना मारा देव, में तो तमने मान्या छे,
नजरमां हो भले लाखो, हृदयमां तमने राख्या छे...१

सांनिध्य हो भले न हो, परंतु स्नेह छे साथी;
श्रद्धाना सेतुअे मने आप साथे, जोडी राख्या छे... २

आज सुधी मने नहोती, मारा अस्तित्त्वनी खबर;
जाणी लीधुं छे में सघळुं ज्यारथी, तमने जाण्या छे... ३

अनराधार वरसे छे, आपना आशिषो मुज पर;
आपनी कृपाना फळ समये समये, में तो चाख्या छे... ४

आपनी स्तुति करवामां, पडे छे शब्दो पण ओछा;
अे ज कारणथी मारा मनना भावो, तमने सोंप्या छे... ५

थाये शंकाओ घणी, प्रश्न हुं पूछुं पण कोने ?;
अदृश्य रहीने मारा सघळा प्रश्नो, आपे टाळ्या छे... ६

करुं हुं आप चरणोमां, समर्पण आयखुं आखुं;
आपना ऋण सामे तो य मूल्य, ओछा लाग्या छे... ७

आप भगवान छो मारा, ने सेवक आपनो छुं हुं;
आप साथे ऋणानुबंध भवोभव, में तो मांग्या छे... ८

## (११०)

**तारो ने मारो संबंध न्यारो; मने याद आवशे, तारो सथवारो...**

तारा रूप उपर ओवारी जाउं, तारा गुणोथी, अंजाइ जाउं,
अनिमेष नयने, हुं जोउं तुजने, जाणे आखी दुनिया, मळी गइ छे मुजने;
डूबतो हतो ने, मळीयो किनारो, मने याद आवशे, तारो सथवारो... १

छे तुं मारामां, छुं हुं तारामां, संगाथे वहेशुं जीवनधारामां,
परमोपकारी, तुं दुनिया मारी, करुणा अवतारी, तारी करुणा निराळी;
भवना दु:ख वारो, आपो सधियारो, मने याद आवशे, तारो सथवारो... २

तारा मिलननी, जे क्षणो हती आ, मुज जन्मारानी, शुभ पळो हती आ,
अे क्षणो हृदयमां, कंडारी लीधी में, आतमनी शेरी, शणगारी लीधी में;
वसमो घणो छे, आ वियोग तारो, मने याद आवशे, तारो सथवारो... ३

## (१११)

**हे जीरावला! तुं, मनमां समातो, मने याद आवशे, तारी गमती वातो...**

तारी आंगी उतरे, तुं लागे मजानो, ने आंगी चडे त्यां, तुं लागे सुहानो,
पल पल रूप पलटे, हरक्षण तुं मलके,
आ प्रेमरमतमां, मारी आंखो छलके;
आ फरक हवे ना, केमे भूलातो,
मने याद आवशे, तारी गमती वातो... १

में चंद समय जे, तुज साथे गाळ्यो,
पण आंख खूली त्यां, बस तुजने भाळ्यो,
तने प्रेम करीने, अमे अहींथी जाशुं,
आ रंगमहेलमां, हवे स्मित ने आंसु;
आ विरह हवे ना, अमथी खमातो, मने याद आवशे, तारी गमती वातो... २

मरुधरना स्वामी!, तुं शीतल छांयो, तुं भीड वचाळे, हुं अेकलवायो,
हुं चरणकमलमां, प्रतिपल रहेवानो, तुं हृदयकमलमां, हरपल रहेवानो;
आ उदय कदी ना, भूलशे आ रातो, मने याद आवशे, तारी गमती वातो... ३

## (११२)

**मुनिसुव्रतस्वामी, तुं अंतर्यामी, मने हैये राखजो, शुं मुजमां खामी?...**

दर्शन विण तारा, मने चेन न आवे, निशदिन प्रभुजी! तारो विरह सतावे;
तुं नाथ छे मारो, तो ये रखडुं स्वामी!,
मने हैये राखजो, शुं मुजमां खामी ?...१

तारी मारी प्रीति, छे युगो पुराणी, ए प्रेम संबंधे, कहुं वीतक कहानी;
हुं बाळक तारो, करुणानो कामी,
मने हैये राखजो, शुं मुजमां खामी ?...२

आ वातो मननी, क्यां जइने कहेवी?, कर्मोनी पीडा, कंइ रीते सहेवी?;
सघळुं दु:ख भूलुं, प्रभु! तुजने पामी,
मने हैये राखजो, शुं मुजमां खामी?...३

## (११३)

**परमातमाथी रंगाशे मारो आतमा, परमातमा बनी जाशे मारो आतमा...**

थाशे प्रभुनुं मिलन वात-वातमां, परमातमा बनी जाशे मारो आतमा ...
आतमने परमातमनो जे संग जड्यो छे आज,
अे संग थकी जिनरंग थकी हुं पाम्यो मुक्ति जहाज;
मारुं हृदय प्रभु!, तारुं मंदिर छे; तुं हृदय वसे, मारी तकदीर छे,
केवा शुभ परिणामो जागे आ मुलाकातमां, परमातमा बनी जाशे मारो आतमा...१

तारा शरणे रहेवुं प्रभुजी! तुं छे तारणहार,
विनति करुं हुं, कल्पतरु तुं, भवथी मने उगार;
तारी यादो मारी, आंखडी भींजावे, झूरुं छुं तुज विण, केम ना तुं आवे?,
मारे पार उतरवुं प्रभुजी! तुज संगाथमां, परमातमा बनी जाशे मारो आतमा...२

## (११४)

तारुं धार्युं बधुं थाय छे, मने आजे ए समजाय छे...
ना हुं कोईनो गर्व लउं, तारा विश्वासे जीवाय छे...

हुं शाने कहुं, के आ मुजथी थयुं, तारी करुणा छे अनहद, ने फल में लह्युं,
मारा मनमां प्रभु!, कोई शुभ भावना, ते जगावी छे त्यारे आ सघलुं थयुं;
तारा नामे बधुं थाय छे, लोको मारा गुणो गाय छे... १

हुं सफल थाउ तो, एमां तारी कृपा, तारा आशिष प्रगट छे, छतांये छूपा,
हुं छकी ना जाउ, ऐ खबर राखजे, कोई पण रीते संभा-ळी ले शतरूपा;
तारी करुणा तो छलकाय छे, आँखो मारी भीनी थाय छे... २

मारुं हैयुं प्रभु!, करे चिंता घणी, तमे समजावो ऐने हो चिंतामणि!,
वितेलो समय, भले जेवो गयो, हवे राखो उदय ने तमारो गणी;
मारुं अणगमतुं कंइ थाय छे, ऐमां मारुं भलुं थाय छे... ३

## (११५)

आंखना द्वारे आवजो जिनवर!, प्रेमनी धारा लावजो जिनवर! ...१
आपणी वच्चे खूब दूरी छे, बंधनो मारा कापजो जिनवर! ...२
आपने मळवा खूब झंखु छुं, थोडी तो आशा आपजो जिनवर! ...३
आपने क्यारेक हुं भले विसरुं, याद मुजने लावजो जिनवर! ...४
तारा चरणोनी छाप शोधुं छुं, आवीने मुजने मळजो जिनवर! ...५

(११६)

तारी पासे आज मांगु, आप मुजने चित्त सबळुं,
पुद्गलोना आ जगतथी, जे हंमेशा होय अवळुं,
दु:खमां दीन ना बने, सुखमां लीन ना बने, आतमामां ठरी रहे मनन मारुं,
दोड्यो बहार हुं घणुं जगमां, झंखु मळे मने वतन मारुं,
शोधी बनुं हुं मननो मरजीवो, खोवायुं जे खरुं रतन मारुं... १

आखी जिंदगी, मनडुं दोडतुं, कस्तूरी सुखो, ए ना पामतुं,
होय नाभिमां, बीजे ना मळे, सीधी वात आ, ए ना मानतुं;
दोडने रोकवा, तुं थजे सारथी, मोहना जंगमां, हुं बनुं महारथी... २

आतमा तणुं, कोई रूप ना, पुद्गल तो बधा, विधविध रूपना,
मारी जातने, एना संगथी, थाय छे कशुं, सुख के दु:खना;
आ बधाने तजी, आतमामां रही, मोज हुं अनुभवुं, सद्गुणोनुं सही... ३

तारा योगथी, कांक्षा ए फळो, मारुं जे खरे, मुजने ए मळो,
जावुं ना बीजे, रहेवुं खुदमां, परनी आ बला, जल्दीथी टळो;
ना रतीभार हो, पुद्गलोनी रति, चित्तमां उल्लसो, सर्वथी विरति... ४

(११७)

तोफान रागनुं छे, हेरान आतमा छे,

आसान आप माटे, नाथ! बचावो,

उद्यान सद्गुणोनुं, वेरान जे बनावे,

एलान आपुं एने, हाथ बढावो,

मारो तमे छो आशरो आशरो...मारो तमे छो आशरो ...१

पांचे धमाली घोडा, मुजने भमाडे,

पळमां ज पटकी दे छे, संसार खाडे (२);

लइ दोर नाण केरी, बांधु हुं एने भारी,

साची करुं सवारी, राह बतावो... २

चंचल कपि आ जगमां, रखड्या करे छे,

जीवडो बिचारो एथी, भटक्या करे छे(२);

गुणगणनी शृंखलाथी, एने सदाय नाथी,

शुभ साधनानो साथी, आज बनावो... ३

हे नाथ! विनवुं वेळा, शाने लगाडो,

छोडी उदासी, खाली, चपटी वगाडो...(२);

दोषो बधाय भागे, कांक्षा गुणोनी जागे,

निर्वाण योग आपी, साथ वसावो ... ४

(११८)

मीट मांडी तारी सामे, बेठो हुं, क्यारथी,
आंखोथी आंखो तो मिलाव,
कल्पवृक्ष जेवा तुजने, जोयो छे ज्यारथी,
बांध्यो छे में तारो लगाव;
आजे अेटलु सुणावे, तुजने जिनवर ! मारो आतमा,
करता अरजी भले खूटे आयखु,
मनगमतुं पाम्या विण हुं, तारो केडो नहीं मेलु,
तने रीझवीने जंपीश हुं, मारुं मनडुं छे घेलुं...१
जेवुं जोइए छे मारे, सुख मने आपशे,
जईने बीजानी पासे नीर में वलोवियुं,
होय ना जे खुदनी पासे, केवी रीते आपशे?,
छोडी बधाने तुजमां दिल में भेळवीयुं;
तुं तारे के ना तारे, तारो केडो नहीं मेलु,
ना जाय बीजानी लारे, मारुं मनडुं छे घेलुं...२
वहेला के मोडा दादा !, आपनार तुं ज छे,
तो परनी पासे फांफां, शा माटे मारवा?,
ग्रह नक्षत्रो ने तारा, आखी रात होय छे,
पण अकारण ते सहु छे, जग अजवाळवा,
आजे आपे के काले, तारो केडो नहीं मेलुं,
बस एक ज तुजने भाळे, मारुं मनडुं छे घेलुं...३
याचकने आवी रीते राह जोवडाववी,
अे लक्षण छे लोभीनुं, तुं तो दातार छे,
नानीशी वाते मनमां, चिंता शी लाववी,
गुणरत्नोनो तो तारो, अक्षयभंडार छे;
आखो जन्मारो गाळुं, तारो केडो नहि मेलुं,
तुज योगनी कांक्षावाळु, मारुं मनडुं छे घेलुं...४

(११९)

राजाओना राजा!, मोटा महाराजा!,
भव अटवीमां, तुं ही सौनो त्राता...
राजाओना राजा!, मोटा महाराजा!,
तुज चरणोमां, पामे जग शाता...१

मळो सुख शांति मारा मनने,
गयो हुं पुद्गलोनां शरणे,
आपत्तिओ मारी टळे,
गयो हुं स्वजनोनी कने;
खोटी पडी सहु धारणा,
थया दुःखना पधरामणा,
सौने छोडी हुं दोडी आव्यो छुं,
बस तारा शरणमां...२

सानिध्य तारूं जादु करे,
भडभडतो मारो आतम ठरे,
(राजाजी ! ... ओ महाराजाजी ! ...)
आसक्तिओ दूरे टळे,
मारा आतमने टाढक वळे;
मांगुं न हुं तो कांई झाझुं,
पूरी करजे तुं आरझुं,
योगजीवीने तारा चरणोथी
प्यारुं कांई हवे ना...३

(१२०)

आंखडी मींचाय छे ने, आंसुथी भींजाय छे...
श्वासने समजाय छे के, आखरी पळ जाय छे...
हुं आवजो कहुं छुं तने, तुं आववुं चूकतो नहीं;
दुनिया भले छूटी जाय पण, कदी साथ तुं मूकतो नहीं,
शाता पूछो...धीमेथी...आवीने मारा नाथ!...
हैये पीडा-घणी छे... सांभळ मारी वात... १

हो...हो... मारा वालम...हो...हो... मारा वालम...
आ प्रेमने आ व्हेम सघळा, जूठनो संसार छे,
जा श्वास धूमाडो थशे अे, सत्यनो स्वीकार छे,
आ जिंदगी खर्चाइ गइ, पण मेळव्युं ना में कशुं;
आ खोळीयुं मानवतणुं, ने भीतरे राख्यो पशु...२

दर्दो वध्या देहना, लाचार प्रीत सगाइ छे,
मारा जीवने समजावजो, आखुं जगत पितराइ छे,
आ रात छो अंधार घेरी, आतमा तो झळहळे;
मारा भाग्यनो उदय थशे, जो तुं मने आवी मळे...३

## (१२१)

ज्यां तारी छबी, विलसे हर पळ, बनवुं दर्पण, मारी आंख कहे,
तुज समरणनी सुरभि निशदिन, मुज श्वास महीं, मारा नाथ ! वहे;
लइ जाय मने, जे तारी कने, मुज अंतर एवी पांख बनो,
ज्यांथी नीकळे, तुज नाम ध्वनि, मुज तननी एवी राख बनो,

तारा दर्शनना पलकारा, तारी यादोना धबकारा,
गणवामां, मुज वीतो, आयखु...
तारा गुणोना टहुंकारा, तारा गीतोना झंकारा,
करवामां, मुज वीतो, आयखु... १

तुजने नमतां मुज भाल महीं, घा-नी श्रेणि थइ जाओ भले,
अत्यार सुधीमां खोटाने, नमवाथी थयेलुं पाप टळे;
तुज वचनोना अमृत केरुं, सिंचन होजो मुज कान महीं,
गुणमय मुज आतमनुं जेथी, अवसान कदी पण थाय नहीं... २

जिम सूर ऊगे, धुम्मस विखरे, कमलाकरनी, आभा नीखरे,
तिम जोउं तने, सहु करम खरे, पहोंचे आतम सुखना शिखरे;
मुज हृदयगिरि तुं सिंह वसे, गज सेना मोहनी दूर खसे,
नस नसमां ने रोमे रोमे, तुज योग तणी कांक्षा रहेशे... ३

## (१२२)

मारा होठे तमारुं स्मरण, मने राखो तमारे शरण;
मने निर्मल करो अने निर्भय करो, हुं झंखु तमारा चरण... १
में अधर्म घणो ये कर्यो, अरे! पापोथी पण ना डर्यो;
तुं दयाळुं प्रभु!, हुं तारा पर नभु, तो ये चोराशी फेरा फर्यो;
मारा जीवननुं तरस्युं हरण, तमे देजो करुणाझरण... २
मारी भूलो मने याद छे, मधराते वलोपात छे,
जीव मारो बळे, आंसुमां ओगळे, हवे पस्तावो दिनरात छे;
तमे स्वामी करो अवतरण, तारा पगले थतुं जागरण ... ३
महामूली हती जिंदगी, अेनी चिंता करुं क्यां लगी?,
कंठमां प्राण हो, अने शुभध्यान हो, बस नानी शी छे बंदगी;
पुण्य उदयनुं पहेलुं किरण, मने मळजो समाधिमरण... ४

## (१२३)

सिद्धशिलाना स्वामी ! सुणो, प्रभु! पोतानो मुजने गणो...
मारे मळवुं प्रभु! तुजने, राहमां छे घणी अडचणो...
ना जागे वेदना, वळी संवेदना, मारा मनमां जरी-ये, थतो खेदना,
क्रोध मान करुं, माया लोभे रमुं, केम जाशे दु:खो, मोहनी केदना;
हरो दोषोनी आ रजकणो, मारा कर्मो अरिहंत! हणो... १

काळ अनंतो साथे रहीने प्रभु!, तमे मोक्षनगरमां जइने वस्या,
हवे कोनां चरण, तने कोनुं शरण?, मारी मुठ्ठीमां तुं, कही कर्मो हस्या;
मारो टूंको पड्यो छे पनो, नथी अंत आ दु:खो तणो... २

तारा विना मने, ना आ जगमां गमे, कृपादृष्टि हवे, प्रभु! करजो तमे,
साचुं कहुं छुं तने, भले भूलो करुं, नाथ! छायो छे तुं, मारा रोमे रोमे;
केवो संबंध हतो आपणो?, याद आवे तुं मुजने घणो... ३

## (१२४)

प्रभु ! तमारी यादमां हुं घायल बन्यो छुं;
कहेवुं छे मारे आज हो ... हो ...
तारो साथ झंखी रह्यो छुं, दिन-रात झंखी रह्यो छुं,
मारा नाथ ! झंखी रह्यो छुं, तारो साथ झंखी रह्यो छुं...१

तारुं रूप अनुपम जोइ, आ आँख मारी रोइ,
अेवो वस्यो तुं मनमां, बीजुं वसे ना कोई;
देदार तारो सोहे, वीतरागता मन मोहे,
तारा गुणोथी जिनवर!, हुं तो गयो अंजाइ;
प्रभु तमारा ...(२) स्नेहमां अनुरागी बन्यो छुं,
दु:खमय संसारथी विरागी बन्यो छुं ...२

तारी कृपाथी मारा, सहु कार्य सिद्ध थाअे,
तारी दयाथी दादा!, मारा दोष दूर जाअे;
तारा मार्ग पर हुं चालुं, मने सत्त्व देजे अेवुं,
तारा उपकारो मुजथी, क्षण अेक ना भूलाअे;
प्रभु तमारा ...(२) मार्ग पर हुं आगळ वध्यो छुं,
तारो अभिषेक करवा वादळ बन्यो छुं ...३

(१२५)

मारो स्वामी ! एक तुं देवाधिदेव रे...
दादा ! मारे तुं ही ज छे एकमेव रे...
नाम लेता तारुं आतम मारो, थयो आज पावन,
आंखो जोता मारी तुजने स्वामी!, थई आज सावन;
श्वासे श्वासे तुं रमतो रहेजे, हैयामां वसतो रहेजे,
झंखु हुं सथवारो तारो...
साहिब ! तुं छे मारो (३) आशरो ... १

ना ले तुज शरणुं, वळी अहंनुं झरणुं, अेवा गोशाळा पर करुणा तें करी,
शरणे तुज आव्यो, चरणे तुज वळग्यो, तो ये केम करुणा मुज पर ना करी?;
तारी करुणाना भूख्या तरस्या आ छे नयन,
देजे मुख खोली मुजने मीठां करुणावयण ... २

दातार दयानो, अेवो स्वामी लह्यानो, हुं तो मनमां केवुं गौरव राखतो,
मने मळवानुं मन, तने रोज स्मरुं पण, तुं तो कदी मुजने ना संभारतो;
दूर मोक्षमां तुं राजे भले मुजने संभार,
पूर भावोनुं आ जाग्युं हैये अेने तुं निहाळ ... ३

# હાર્દિક અનુમોદન

પૂજ્યપાદ યુવાપ્રવક્તા

આ.ભ. શ્રી રશ્મિરત્નસૂરીશ્વરજી

મ.સા. ની પુણ્યપ્રેરણાથી આ પુસ્તકના

પ્રકાશનનો સંપૂર્ણ લાભ

શ્રી હયાંશકુમાર ધ્વનિકભાઈ દોશી

શ્રી આરવકુમાર રાહુલભાઈ સંઘવી

તરફથી લેવાયેલ છે.

પુણ્યવાન દાતાનું હાર્દિક અનુમોદન.

– પ્રકાશક

" एक एवी कल्पना मनमां स्फुरे छे के भक्ति जो एक रस छे तो स्तवनो-भक्तिगीतो ए रसनुं आधारपात्र छे। पात्र होय तो रसनुं पान मस्तीथी करी शकाय, तेम स्तवनो-भक्तिगीतोनो आधार होय तो भक्तिमां मस्तीथी झूमी शकाय, भावतरबोळ बनी शकाय।

उगती उषानो के नमी सांजनो समय होय, जिना-लयनुं पवित्र स्थान होय, नयनो समक्ष प्रशमरसझरती प्रभुप्रतिमा होय अने अंतरना तार रणझणावी दे एवा स्तवनो-भक्तिगीतोनी शब्दावलि होय: आ आह्-लादक अने अंतःस्पर्शी माहोलमां थतुं भक्तिरसनुं पान जे अपार्थिव आनंदानुभूति करावे ते खरेखर अनिर्वचनीय छे, शब्दोनी सीमाथी पर छे: आ अमारो स्वानुभव छे। "

— विजय राजरत्नसूरि

''प्राक्कथन'' मांथी